Published on 10th of every month

ગ્રામસ્વરાજ

અંક : ૮ • વર્ષ : ૮૦ • ૧૦ નવેમ્બર, ૨૦૨૬

કિંમત ₹ ૭ • વાર્ષિક લવાજમ : ₹ ૮૦

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad Unaccountable L1 on tenth of every month under postal Regd. No. GAMC 38, 2024-2026 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-2026 valid upto 31-12-2026



અનુક્રમણિકા

અંક–૮ ● વર્ષ : ૮૦
૧૦ નવેમ્બર, ૨૦૨૬

તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી

સંપાદક મંડળ

* ઘનશ્યામભાઈ એચ. અમીન
* ભીખાભાઈ ઝ. પટેલ

* વાર્ષિક લવાજમ : રૂા. ૮૦
* છૂટક નકલ : રૂા. ૭

પત્રવ્યવહારનું અને લવાજમ
મોકલવાનું સરનામું :

ગુજરાત રાજ્ય સહકારી સંઘ

સહયોગ, જ્યોતિસંઘની પાછળ, રીલીફ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

* ટે.નં. ૨૫૩૫૨૨૨૦ (૧૮૩) ગ્રામ : સહયોગ
* ફેક્સ નં. : (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
* website : www.gujaratscu.com
* E-mail : sahakarguj1850@gmail.com

સ્માર્ટફોન વપરાશ અતિરેક,
યુવાપેઢી માટે ભારે વિનાશક
– શ્રી નવીન વી. વાછાણી ૩

ભારતીય સહકારી ક્ષેત્રનો નાણાકીય સ્તંભ:
રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC)
– ડૉ.વી. એમ. ચૌધરી ૬

પરિવર્તનના પ્રવાહમાં
સહકારિતા ક્ષેત્ર ઉજ્જવળ થશે
– પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી ૧૬

સહકારનાં પુન:રચિત સિધ્ધાંતનાં
ચશ્માએ શ્રી છીણમ સેવા સહકારી
મંડળીની વિકાસગાથા
– શ્રી કેતનકુમાર મો. દેસાઈ ૧૯

શાકાહારનો વધતો ટ્રેન્ડ:
માત્ર સ્વાદ નહીં, આરોગ્ય, અહિંસા, કૃષિ
અર્થતંત્ર, પર્યાવરણ સાથેનું સંતુલન ૨૮

યોગ એટલે સ્વ સ્વરૂપ અને સર્જનહારના
સાક્ષાત્કારની અનુભૂતિ
– શ્રી કિરણ ચાંપાનેરી (યોગ સાધક) ૩૨

ગ્રામસ્વરાજ

* દર મહિનાની દસમી તારીખે પ્રગટ થાય છે.
* નવું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૮૦ છે.
* છૂટક નકલ રૂા. ૭–૦૦ ગમે તે અંકથી ગ્રાહક થઈ શકે છે. ● લેખમાં પ્રગટ થતાં વિચારો લેખકના છે. પ્રકાશિત થતાં લેખો સાથે તંત્રી કે સંપાદક મંડળ સંમત છે, તેવું માનવું નહીં.
* ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદા કલમ ૬૯ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘના શિક્ષણ ફાળામાં નિયમિત ફાળો ભરનાર સહકારી સંસ્થાને વિના લવાજમે 'ગ્રામસ્વરાજ' મોકલવામાં આવે છે.
* 'ગ્રામસ્વરાજ' માસિક તથા 'સહકાર' પાક્ષિકનું સંયુક્ત લવાજમ રૂા. ૧૫૦.૦૦ છે.
* રાજ્ય સહકારી સંઘના સભાસદોને "ગ્રામસ્વરાજ" તથા 'સહકાર' વિના લવાજમે મોકલવામાં આવે છે.

ચિંતન

સ્માર્ટફોન વપરાશ અતિરેક, યુવાપેઢી માટે ભારે વિનાશક

જવાહરલાલ નહેરૂને બાળકો ખૂબ પ્રિય હતા. તેથી આપણે તેમની યાદમાં તેમનો જન્મદિન ૧૪ નવેમ્બર બાળદિન તરીકે ઉજવીએ છીએ. ૧૪ નવેમ્બર સાર્વત્રિક બાળદિન છે. તેની ઉજવણી કાર્યક્રમમાં મોટાભાગે બાળકોનું શોષણ, કુપોષણ અને ગરીબી વિશે ચર્ચાઓ થતી હોય છે. કેટલાક ગરીબ દેશોના બાળકો માટે તેમના સામાજિક અને સર્વાંગી વિકાસ માટે અમુક યોજનાઓ પણ શરૂ કરાતી હોય છે. પરંતુ શું તમે જાણો છો કે આજે સમાજના ગરીબવર્ગ કરતાં સંપન્નવર્ગના બાળકો સ્વાભિમાનના દિશામાં ઝડપભેર આગળ વધી રહ્યા છે? અને તેમની આ સ્થિતિ માટે સ્વયં તેમના વાલીઓ જ જવાબદાર છે?

આજે ઘણા માબાપ તેમના બાળકોને મોબાઈલમાં ગેમ્સ રમતા કે વિવિધ ઉપયોગ કરતા જોઈને તેની આવડત માટે ભારે હરખાતા હોય છે. હરખાતા વાલીઓને એ ખબર નથી કે આ ટેકનોલોજી સાથે દિવસ લેતા આ પેઢી શારીરિક અને માનસિક વિનાશની દિશામાં ધકેલાઈ રહી છે. આજની સગર્ભા દિવસના ચારથી પાંચ કલાક મોબાઈલ સ્ક્રીન કે લેપટોપમાં બિઝી રહે છે. વિડિયો ગેમ્સ અને જાતજાતના એપ્લિકેશન્સ તેમના રસના વિષય બની ગયા છે. ઈન્ટરનેટના કારણે નાની વયે તેમના થાળમાં સમગ્ર વિશ્વ પીરસાઈ ગયું છે અને તેથી તેઓ મનફાવે એમ ગમે તેટલો ઉપયોગ અને દૂરોપયોગ કરી રહ્યા છે. મેડિકલ સાયન્સ કહે છે કે ૧૮ વર્ષથી અંદરના સગીરો જેટલો આ ટેકનોલોજીનો દૂરોપયોગ કરશે તેટલા વધારે તેમના તન અને મનની આરોગ્ય બગડશે. આ ડ્રેગન તેમના સંસ્કારો પણ ભરખી જશે. આ હકીકત આજનાં વાલીઓ માટે ખતરાની ચેતવણી સમાન છે.

આપણા દેશમાં હાલ ૭૫% થી વધારે બાળકો- સગીરો- યુવાપેઢી સ્માર્ટફોનના દીવાના બની ગયા છે, વ્યસની બનતા જાય

નવીન વી. વાછાણી
૪૦૧- ચોકલેટ કોર્નર એપાર્ટમેન્ટ,
અંબિકા ટાઉનશીપ મેઈનરોડ, કેવલમ રેસિડેન્સી
નજીક, પોસ્ટ ઓફિસ, મોટા મવા, રાજકોટ
મો. ૯૯૭૯૪૬૯૯૧૭

છે. સ્માર્ટફોન વપરાશનું વ્યસન અફીણના ગુટકા જેવું છે. તેની લત વધતી જ જાય છે ને માનસિક ગાંડપણની સ્થિતિમાં પહોંચાડે છે. દિવસના પાંચથી સાત કલાક ઓનલાઈન વિતાવનાર ડિપ્રેશનનો શિકાર બને છે. તેનો સ્વભાવ જિદ્દી, ચીડિયો અને ક્રોધી બની જાય છે. આ આડ અસર ગંભીર રોગ ચાળારૂપે પ્રસરી રહી છે. ભવિષ્યમાં આ સ્માર્ટફોનની લત છોડાવવા માટે ક્લિોનિકો અને કાઉન્સિલિંગ સેન્ટરો ખૂબ ખોલવા પડવાના છે ને ચાલવાના છે. દરેકે મા-બાપે આ માટે તૈયાર રહેવાનું છે.

મોબાઈલ ટેક્નોલોજીનો ઉપયોગ કરતા આવડે તો તે આશીર્વાદરૂપ બને છે નહિતર તેનો અતિરેક અભિશાપરૂપ નીવડે છે. આ ટેક્નોલોજીની લતથી નાનામોટા દરેકે જેટલું દૂર રહેવાય તેટલું તેના લાભ અને હિતમાં હોય છે. કામના કલાકો બિનજરૂરી રીતે વેડફાય જાય છે. આજે મોબાઈલ ટેકનોલોજીએ ઉપયોગી એવું બધું જ શક્ય બનાવ્યું છે. તેનો સદ્‌ઉપયોગ કરતા-કરાવવાતા આવડે તો તે ખૂબ ઉપયોગી બની રહે છે, બાકી તો તે અનેક નબળી ટેવો લગાડી દે છે. આજની યુવા પેઢી ઘર, શાળા કે દુકાને મોબાઈલ વપરાશ કરીને કલાકોના કલાક વેડફી નાખે છે. તેને કોઈ રોકટોક કરવાવાળું નથી. તેઓ કોઈનું માનતા પણ નથી.

હકીકતમાં આજના બાળકો અને યુવાવર્ગમાં મોબાઈલનું જે વળગણ જોવા મળે છે તેના મૂળ તેમના બાળપણમાં તેમના માબાપ દ્વારા જ નખાયાં હોય છે.

છેલ્લા એક દાયકાથી મોબાઈલ ફોન સર્વ વ્યાપી બન્યા અને મમ્મીઓ પોતાના નાનાં બાળકોને શાંત રાખવા, જમાડતી વખતે કે ટાઈમ પાસ માટે મોબાઈલ ફોન પકડાવતી થઈ ગઈ છે. ઘરના કે બહારના કામ પતાવવા હોય ત્યારે તેઓ બાળકના હાથમાં મોબાઈલ પકડાવીને તેમાં કાર્ટૂન સિરિઝ, ફિલ્મ કે ગીતો ચાલુ કરી દેવામાં આવે છે. બસ બાળકની કનડગત વગરના કલાકો પસાર થઈ જાય છે. મમ્મીનું કામ પતી જાય છે. બા ને વાર્તા કહેવાની કે રમાડવાની માથાકુટ પણ રહેતી નથી. હવે તો લગભગ બધી કંપનીઓના ડેટા પેક સસ્તા થઈ ગયા હોવાથી નાના મોટા દરેક મોબાઈલ વ્યસની થઈ ગયા છે. માબાપ પણ બાળકો અને યુવા પેઢીના બેફામ વપરાશથી હરખાય છે ને બાળકને સ્માર્ટ હોશિયાર સમજે છે. બાળકો અને આજની યુવાપેઢી અન્ય સાથે મેદાની રમતો રમવાના બદલે આભાસી વર્લ્ડમાં રમતો રમે છે અને વાસ્તવિક વર્લ્ડમાં એકાંકી

બની જાય છે. આ રમતો મુખ્યત્વે મારધાડવાળી અને હિંસક દ્રશ્યો ધરાવતી હોય છે. જેની વિપરીત અસર થતા તેઓ ચિડિયા, ગુસ્સાવાળા તથા હિંસક બની જાય છે. સામેજ આ ડ્રેગન તેમના તન-મનના આરોગ્ય તથા સંસ્કારોને નષ્ટ કરે છે.

સ્માર્ટફોનના વ્યસને આપણને પરિવાર, સ્નેહીજનો અને મિત્રોથી દૂર કરી દીધા છે. વ્યક્તિ અન્ય સાથે હળવાભળવાના બદલે મોબાઈલમાં જ વ્યસ્ત રહે છે. વાસ્તવિક જીવનમાં યુવાવર્ગ વાલી સાથે પણ વાતચીત કરવામાં અણગમો દર્શાવે છે. મોબાઈલ ફોન આવતા લેન્ડલાઈન ફોનના તાર કપાઈ ગયા છે તેમ લોકોના એકબીજા પ્રત્યેના લાગણીના તાર જે હૃદયને હૃદય સાથે જોડતા હતા તે પણ કપાઈ જ ગયા છે. હવે સંબંધોમાં પહેલા જેવા આદર, પ્રેમભાવ, હૂંફ, માનવતા, લાગણી ક્યાંય જોવા મળતા નથી, ખોટું બોલવું સહજ થતું જાય છે. લેન્ડલાઈન ફોનના કારણે યુવાવર્ગ ઉપર એક અંકુશની રેખા રહી શકતી હતી જે હવે મોબાઈલ સુવિધાથી નિરંકુશ બની ગઈ છે, જે ખૂબ નુકસાનકારક સાબિત થઈ રહી છે.

આજના ટેકનોસેવી યુવાવાલીઓએ ચેતવાનું છે. બાળકો કે સગીર પેઢીને તુરંત જ મોબાઈલ સગવડ ન આપો. તેમને તમારા પ્રેમ, હૂંફ, સમય અને ઉત્સાહ આપો. એપલ કંપનીના સ્થાપક સ્વ સ્ટીવ જોબ્સે પણ પોતાના સંતાનોને સ્માર્ટફોન, આઈફોન અને ટેબ્લેટ જેવા ગેજેટ્સથી દૂર રાખ્યા હતા. તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે સ્માર્ટફોન, મોબાઈલ ટેકનોલોજી, ઈન્ટરનેટ સુવિધા બાળકો પરિપકવ થાય પછી જ ઉપલબ્ધ કરાવવી જોઈએ. નહિતર સ્માર્ટફોન નામનું ડ્રેગન બાળકોને ભરખી જાય છે. આ સમજ વાલીઓ માટે એક પ્રકારની ગંભીર ચેતવણી છે. ટેકનોલોજી આપણને આધુનિક યુગમાં લઈ ગઈ છે તે ખરું છે પણ તેની વિપરીત અસર આપણા વાસ્તવિક જીવનને ડામાડોળ કરી નાખે ત્યારે સાવધ બની જવું જોઈએ. આધુનિક યુગમાં જન્મેલા બાળકોને ટેકનોલોજીથી વંચિત ન રાખી શકાય. બાળકોને તેનાથી માહિતગાર કરવા જ રહ્યા, પરંતુ તેનો અતિરેક વિનાશ નોતરે તે પહેલા તેની સીમારેખા નક્કી કરી લેવી જોઈએ. બાળકો, યુવાવર્ગને તે માટે સમજ આપવી જોઈએ. બહેનોએ પણ સોશિયલ મીડિયાથી બનતા મિત્રોથી સાવચેત રહેવું ખૂબ જરૂરી હોય છે. આપણે સૌ નાના મોટા દરેક સ્માર્ટફોનનો મર્યાદિત જરૂરી વપરાશ કરી આભાસી જીવન જીવવાના બદલે વાસ્તવિક શાંતિમય જીવન જીવવાની આદત કેળવીએ, સ્વસ્થ જીવીએ.

સંસ્થા પરિચય

ભારતીય સહકારી ક્ષેત્રનો નાણાકીય સ્તંભઃ રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC)

૧. પ્રસ્તાવના અને પૃષ્ઠભૂમિ (Introduction & Institutional Overview)

ભારત સરકાર દ્વારા ગ્રામીણ અર્થતંત્રના સર્વાંગી વિકાસ, કૃષિ ક્ષેત્રની આત્મનિર્ભરતા અને સ્થાનિક સ્તરે આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત કરવા માટે સહકારી ક્ષેત્રને એક મુખ્ય ચાલક બળ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. આ પરિપ્રેક્ષ્યમાં, "સહકાર થી સમૃદ્ધિ" ના રાષ્ટ્રીય વિઝનને સાકાર કરવામાં કેન્દ્રીય સહકારિતા મંત્રાલય (Ministry of Cooperation) અને રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (National Cooperative Development Corporation - NCDC) અત્યંત નિર્ણાયક અને પૂરક ભૂમિકા ભજવી રહ્યા છે. સહકારી સંસ્થાઓના માળખાને વધુ વ્યાવસાયિક, પારદર્શી, તકનીકી રીતે સજ્જ અને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે નીતિગત તથા નાણાકીય સ્તરે વ્યાપક સુધારાઓ હાથ ધરવામાં આવ્યા છે.

ડૉ.વી. એમ. ચૌધરી
કન્સલટન્ટ-સહકારી શિક્ષણ,
ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ.
ઈ-મેલ : vm1601@gmail.com

NCDC, દેશમાં સહકારી ચળવળને આર્થિક, તકનીકી અને સંસ્થાકીય સહયોગ પૂરો પાડતી સર્વોચ્ચ વૈધાનિક વિકાસાત્મક નાણાકીય સંસ્થા છે. સહકારિતા મંત્રાલયની સ્થાપના બાદ NCDC ની કામગીરીને અભૂતપૂર્વ ગતિ અને નવી દિશા પ્રાપ્ત થઈ છે, જેનાથી ગ્રામીણ અને શહેરી ક્ષેત્રની પ્રાથમિકથી લઈને રાષ્ટ્રીય સ્તરની સહકારી મંડળીઓને સીધો લાભ મળી રહ્યો છે.

NCDC ની સંસ્થાકીય મહત્વતાઃ

- **નાણાકીય સશક્તિકરણઃ** ખેડૂતો, કારીગરો, પશુપાલકો અને મત્સ્યપાલકોની સહકારી મંડળીઓને અનુકૂળ વ્યાજ દરે કાર્યકારી મૂડી ધિરાણ (Wroking Capital Loan) અને લાંબા ગાળાનું મુદતી ધિરાણ (Long Term Loan) પૂરું પાડવામાં આવે છે.
- **મૂલ્ય સંવર્ધન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ** કૃષિ અને સઘળી પ્રવૃત્તિઓના ઉત્પાદન, પ્રોસેસિંગ, સંગ્રહ, કોલ્ડ ચેઈન અને વેચાણ વ્યવસ્થા માટે આધુનિક આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે સહાય આપવામાં આવે છે.

- **સમાવેશી આર્થિક વિકાસઃ** મહિલાઓ, યુવાનો, નાના અને સીમાંત ખેડૂતો તેમજ નબળા વર્ગોને સહકારી માળખા સાથે જોડીને તેમનું ઉત્થાન કરવામાં આવી રહ્યું છે.
- **સંસ્થાકીય ક્ષમતા નિર્માણઃ** વ્યાવસાયિક તાલીમ, કન્સલ્ટન્સી અને ક્ષમતા વર્ધન દ્વારા સહકારી સંસ્થાઓને આધુનિક કોર્પોરેટ વ્યવસ્થાપન ધોરણો સાથે સુસજ્જ કરવામાં આવી રહી છે.

૨. NCDC ની સ્થાપના, વૈધાનિક માળખું અને મુખ્ય ઉદ્દેશ્યો

Genesis & Constitutional/Legal Framewrok- કાયદાકીય અને વૈધાનિક માળખું

રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) ની સ્થાપના સંસદના એક વિશેષ અધિનિયમ, NCDC Act, 1962 હેઠળ વૈધાનિક કોર્પોરેશન તરીકે કરવામાં આવી હતી. સંસ્થાનું સંચાલન NCDC Act, 1962, NCDC Rules અને General Regulations નિર્ધારિત ચોક્કસ કાયદાકીય જોગવાઈઓ મુજબ થાય છે.

બહુ-રાજ્ય સહકારી સંસ્થાઓના સુચારૂ સંચાલન અને પારદર્શિતા માટે મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ Act, 2002 (MSCS Act, 2002) અને તાજેતરના મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ (સુધારા) અધિનિયમ, 2023 (MSCS Amendment Act, 2023) તથા મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ (સુધારા) નિયમો, ૨૦૨૩ દ્વારા કાયદાકીય માળખાને વધુ સુદ્રઢ કરવામાં આવ્યું છે.

બંધારણીય જોગવાઈઓ (Constitutional Provisions)

ભારતીય બંધારણમાં સહકારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા અને સ્વાયત્તતા જાળવવા માટે સંવૈધાનિક જોગવાઈઓ સુનિશ્ચિત કરવામાં આવી છેઃ

૧. **મૂળભૂત અધિકારો - અનુચ્છેદ 19(1)(c):** નાગરિકોને સ્વૈચ્છિક રીતે સહકારી મંડળીઓ (Co-operative Societies) સ્થાપવાનો અને તેનું સંચાલન કરવાનો બંધારણીય મૂળભૂત અધિકાર આપે છે.

૨. **રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો - અનુચ્છેદ 43(B):** રાજ્ય દ્વારા સહકારી સમિતિઓના સ્વૈચ્છિક ગઠન, સ્વાયત્ત સંચાલન, લોકશાહી નિયંત્રણ અને વ્યાવસાયિક વ્યવસ્થાપનને પ્રોત્સાહિત કરવાની સ્પષ્ટ માર્ગદર્શિકા આપે છે.

૩. **ભાગ IX(B) (Part IX-B):** દેશભરમાં સહકારી મંડળીઓની સ્થાપના, બોર્ડના સંચાલકોની મુદત, લોકશાહી ચૂંટણી પ્રક્રિયા અને સ્વતંત્ર

ઓડિટર્સ સંબંધિત બંધારણીય નિયમન પૂરું પાડે છે.

NCDC ના મુખ્ય પ્રાથમિક ઉદ્દેશ્યો

- **ઉત્પાદન અને પ્રોસેસિંગ:** કૃષિ, બાગાયત, પશુપાલન, ડેરી, મત્સ્યપાલન અને મરઘાપાલન ઉત્પાદનો અને મૂલ્યવર્ધક પ્રોસેસિંગ એકમોની સ્થાપના કરવી.
- **માર્કેટિંગ અને નિકાસ:** સહકારી મંડળીઓ દ્વારા ઉત્પાદિત કૃષિ-ઉત્પાદનોની વેચાણ વ્યવસ્થા, આંતરરાજ્ય વેપાર, આયાત-નિકાસ અને ઈ-કોમર્સ જોડાણો સ્થાપિત કરવા.
- **સંગ્રહ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર:** ગ્રામીણ અને શહેરી ક્ષેત્રોમાં ગોડાઉન, શીત શ્રૃંખલા (Cold Chain), સાયલો અને લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવું.
- **સહયોગી અને સેવા ક્ષેત્રો:** હાથશાળ/ટેક્સટાઈલ, ઉપભોક્તા સ્ટોર્સ, ક્રેડિટ સોસાયટીઓ અને ઔદ્યોગિક/સેવા સહકારી સમિતિઓને આર્થિક મદદ પૂરી પાડવી.

૩. NCDCનું નાણાકીય સહાયતા મોડેલ અને ધિરાણ માળખું

Financial Assistance Models & Financing Operations

NCDC દેશભરની સહકારી સંસ્થાઓને સીધા ધિરાણ અથવા રાજ્ય સરકારો મારફત વ્યાપક નાણાકીય સહાય પૂરી પાડે છે. સંસ્થાનું ધિરાણ માળખું વ્યાવસાયિક બેન્કિંગ ધોરણો અને સહકારી ક્ષેત્રની સામાજિક-આર્થિક જરૂરિયાતો વચ્ચે સંતુલન જાળવે છે.

વ્યાજ દરનું માળખું અને નાણાકીય સાધનો

- **ફિક્સ્ડ અને ફ્લોટિંગ વ્યાજ દર:** NCDC, યોજનાઓ અને બજારની પરિસ્થિતિઓ મુજબ ફિક્સ્ડ વ્યાજ દર અને ફ્લોટિંગ વ્યાજ દરના વિકલ્પો પ્રદાન કરે છે. વિશેષ ક્ષેત્રીય પ્રોજેક્ટ્સ માટે વ્યાજ રાહત (Interest Subvention) ની જોગવાઈઓ અમલી છે.
- **NCDC, કેશ ક્રેડિટ લોન પ્રોડક્ટ:** વાણિજ્યિક બેંકો દ્વારા આપવામાં આવતી કેશ ક્રેડિટ લિમિટની તર્જ પર NCDCએ પોતાની કેશ ક્રેડિટ લોન પ્રોડક્ટ શરૂ કરી છે. આ સુવિધા દ્વારા સહકારી મંડળીઓને તેમની મોસમી ખરીદી, દૈનિક કામગીરી અને કાર્યકારી મૂડી (Wroking Capital)ની જરૂરિયાતો માટે રિવોલ્વિંગ તરલતા (Revolving Liquidity) પૂરી પાડવામાં આવે છે.
- **FIDF યોજનાનો વિસ્તાર:** મત્સ્યપાલન અને એક્વાકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (FIDF)નું સંચાલન NCDC ની નાણાકીય માર્ગદર્શિકા હેઠળ થાય છે.

NCDC દ્વારા ફંડિંગ મેળવતા ક્ષેત્રો અને નાણાકીય સહાયતાનું માળખું

ક્ષેત્ર (Sector)	નાણાકીય સહાયતા મોડેલ અને ફંડિંગ સાધનો Financial Assistance Model & Instruments
કૃષિ પ્રોસેસિંગ અને ઔદ્યોગિક એકમો	તેલીબિયાં, અનાજ, ફળ-શાકભાજી પ્રોસેસિંગ, શુગર મિલો અને કાંતણ મિલો માટે મુદ્દતી ધિરાણ (Term Loan) અને માર્જિન મની સહાય
સંગ્રહ અને કોલ્ડ ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર	ગ્રામીણ ગોડાઉન, સાયલો, કોલ્ડ સ્ટોરેજ અને વાહનો માટે ટર્મ લોન તથા કેન્દ્રીય અનુદાન (Grant-in-Aid).
વસ્ત્ર અને હાથશાળ (Textiles & Handloom)	પાવરલૂમ, ટેક્સટાઈલ પાર્ક અને વણકર મંડળીઓ માટે વર્કિંગ કેપિટલ લોન અને સાધન-સામગ્રી ધિરાણ.
ઉપભોક્તા અને માર્કેટિંગ સહકારીઓ	જથ્થાબંધ ખરીદી, ઉપભોક્તા આઉટલેટ્સ અને સુપરમાર્કેટ્સ માટે NCDC કેશ ક્રેડિટ લોન
ડેરી અને પશુપાલન	દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટ્સ, ચિલિંગ સેન્ટર્સ અને પશુ આહાર એકમો માટે સંકલિત ટર્મ લોન અને વ્યાજ સબસિડી (Interest Subvention).
મત્સ્ય પાલન (Fisheries - FIDF)	મત્સ્ય બોટ, ફીડ મિલ, એકવાકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે FIDF યોજના અંતર્ગત રાહત દરે ટર્મ લોન.
સહકારી શુગર સેક્ટર પુનરુત્થાન	બંધ/નુકસાનીમાં ચાલતી શુગર મિલો, ઈથેનોલ અને કો-જનરેશન પ્લાન્ટ્સ માટે કેન્દ્રીય ક્ષેત્રક સહાય અનુદાન (Grant-in-Aid).
એકીકૃત સહકારી વિકાસ યોજના (ICDP)	જિલ્લા કક્ષાના સર્વાંગી સહકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સંકલિત લોન, શેર મૂડી અને સબસિડી પેકેજ.

૪. લક્ષિત ક્ષેત્રીય યોજનાઓ અને યુવા/મહિલા સશક્તિકરણ

Targeted Sectoral Schemes & Capacity Building

NCDC, સમાજના વિવિધ વર્ગો, યુવાનો અને મહિલાઓને સહકારી ચળવળ સાથે જોડવા માટે પાંચ મુખ્ય લક્ષિત યોજનાઓ અમલમાં મૂકી છેઃ

૪.૧ યુવા સહકાર (Yuva Sahakar)

- **લક્ષ્યાંકઃ** સહકારી ક્ષેત્રમાં યુવા સાહસિકતા (Youth Entrepreneurship) અને ઈનોવેટિવ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરવામાં આવે છે. .
- **પાત્રતા અને લાભોઃ** યુવાનો દ્વારા સ્થાપિત નવી સહકારી સમિતિઓને પ્રોજેક્ટ ખર્ચના ૮૦% સુધીનું અનુકૂળ ધિરાણ પૂરું પાડવામાં આવે છે. ઉત્તર-પૂર્વના રાજ્યો, દિવ્યાંગ સાહસિકો અને મહિલા સભ્યોની મંડળીઓને વ્યાજ દરમાં ૨% સુધીની વિશેષ રાહત આપવામાં આવે છે.

૪.૨ નંદિની સહકાર (Nandini Sahakar)

- **લક્ષ્યાંકઃ** મહિલા સહકારી સમિતિઓનું સંસ્થાકીય સશક્તિકરણ અને વ્યાવસાયિક વિકાસ.
- **પાત્રતા અને લાભોઃ** સંપૂર્ણ મહિલા સંચાલિત અથવા બહુમતી મહિલા સભ્યો ધરાવતી સહકારી સમિતિઓને વ્યવસાય શરૂ કરવા, મૂલ્ય સંવર્ધન એકમો, માર્કેટિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે નાણાકીય સહાય તથા ક્ષમતા નિર્માણ તાલીમ પૂરી પાડવામાં આવે છે.

૪.૩ આયુષ્માન સહકાર (Ayushman Sahakar)

- **લક્ષ્યાંકઃ** સહકારી ક્ષેત્ર મારફત દેશમાં સર્વગ્રાહી આરોગ્યસંભાળ (Healthcare) ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવા માટે.
- **પાત્રતા અને લાભોઃ** સહકારી સમિતિઓને હોસ્પિટલો, મેડિકલ અને નર્સિંગ કોલેજો, ડાયગ્નોસ્ટિક સેન્ટર્સ, ફાર્મસી, એમ્બ્યુલન્સ સેવાઓ અને આયુષ (AYUSH) કેન્દ્રોની સ્થાપના અથવા આધુનિકીકરણ માટે લાંબા ગાળાનું ટર્મ લોન ધિરાણ પૂરું પાડવામાં આવે છે.

૪.૪ સહકાર મિત્ર (Sahakar Mitra)

- લક્ષ્યાંકઃ યુવા પ્રોફેશનલ્સ અને સ્નાતકો માટે સશક્ત ઈન્ટર્નશિપ સ્કીમ (Internship Scheme) અમલમાં મૂકવામાં આવેલ છે.
- **પાત્રતા અને લાભોઃ** કૃષિ, આઈટી, મેનેજમેન્ટ, લૉ અને સહકાર ક્ષેત્રના સ્નાતકો/ઉમેદવારોને NCDCની કામગીરી અને સહકારી સંસ્થાઓ સાથે જોડીને વ્યાવસાયિક અનુભવ અને

ક્ષેત્રીય તાલીમ સાથે માસિક સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

૪.૫ ડેરી સહકાર (Dairy Sahakar)

- **લક્ષ્યાંકઃ** "દૂધ ઉત્પાદનથી નિકાસ" સુધી ડેરી અને પશુપાલન ક્ષેત્રની સમગ્ર વેલ્યુ ચેઈનનો સર્વાંગી વિકાસ.
- **પાત્રતા અને લાભોઃ** પ્રાથમિક દૂધ ઉત્પાદક સમિતિઓ અને જિલ્લા/રાજ્ય દૂધ સંઘોને પ્રોસેસિંગ, કોલ્ડ ચેઈન, ગુણવત્તા માનક પ્રયોગશાળાઓ અને નિકાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સંકલિત નાણાકીય મદદ પૂરી પાડવામાં આવે છે.

૫. સંસ્થાકીય વિસ્તરણઃ FPO/FFPO ગઠન અને ICDP પ્રોજેક્ટ્સ

10,000 FPO અને FFPOની રચનામાં NCDC ની ભૂમિકા

ભારત સરકારની ૧૦,૦૦૦ ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO) ના ગઠનની કેન્દ્રીય યોજના અંતર્ગત NCDC અગ્રણી ક્લસ્ટર આધારિત વ્યાવસાયિક સંગઠન (CBBO) તરીકે કાર્ય કરી રહી છે.

- **FFPO (મત્સ્ય ખેડૂત ઉત્પાદક સંગઠન):** મત્સ્યપાલકો અને સાગર ખેડૂતો માટે વિશેષ FFPOની રચના કરી તેમને ટેકનોલોજી અને પ્રોસેસિંગ સુવિધાઓ સાથે જોડવામાં આવે છે.
- **PACS નું FPO તરીકે રૂપાંતરઃ** નવી સહકાર નીતિ અનુસાર, પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) ને પણ FPO તરીકે કામ કરવાની મંજૂરી આપવામાં આવી છે, જેથી નાના ખેડૂતોને કૃષિ ઈનપુટ ખરીદી અને આઉટપુટ માર્કેટિંગનો સીધો લાભ મળે.

એકીકૃત સહકારી વિકાસ યોજનાઓઃ ICDP - Integrated Cooperative Development Projects

ICDP પ્રોજેક્ટ્સનો મુખ્ય હેતુ જિલ્લા સ્તરે સહકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સંકલિત રીતે સુદ્રઢ કરવાનો છે.

- આ યોજના હેઠળ જિલ્લાની તમામ પ્રાથમિક, મધ્યસ્થ અને સેવા સહકારી મંડળીઓને કૃષિ, બાગાયત, પશુપાલન અને બિન-ખેતી ક્ષેત્રના આર્થિક ઉત્થાન માટે નાણાકીય ભંડોળ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનિકલ સપોર્ટ પૂરો પાડવામાં આવે છે.
- NCDC ની તાલીમ, સંશોધન અને કન્સલ્ટન્સી વિંગ તરીકે લક્ષ્મણરાવ ઈનામદાર નેશનલ એકેડેમી ફોર કો-ઓપરેટિવ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (LINAC) ગુરુગ્રામ ખાતે કાર્યરત છે.
- LINAC મત્સ્ય પાલન વ્યવસાય ઊષ્માયન કેન્દ્ર (LIFIC): મત્સ્ય ક્ષેત્રે સહકારી સ્ટાર્ટઅપ્સ માટે ભારતનું પ્રથમ બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર છે, જે તાલીમ, હેન્ડહોલ્ડિંગ અને ટેકનોલોજી ટ્રાન્સફર પૂરું પાડે છે.

૬. સહકારિતા મંત્રાલયની ફ્લેગશિપ પહેલોઃ અન્ન ભંડારણ યોજના અને PACS કમ્પ્યુટરીકરણ

સહકારિતા મંત્રાલય દ્વારા દેશની પ્રાથમિક સહકારી મંડળીઓ (PACS) ને આર્થિક રીતે સક્ષમ, ડિજિટલ અને બહુ-ઉદ્દેશીય બનાવવા માટે ક્રાંતિકારી પહેલો શરૂ કરવામાં આવી છેઃ

૬.૧ વિશ્વની સૌથી મોટી અન્ન ભંડારણ યોજના- Wrold's Largest Grain Stroage Plan - WLGSP

- **વિઝન અને અમલીકરણઃ** ગ્રામીણ સ્તરે અનાજની લણણી પછી સ્થાનિક આંતરમાળખાકીય સંગ્રહ ક્ષમતા વધારવા અને ખેડૂતોને સંગ્રહ ક્ષમતાના અભાવે લાચારીમા પાકના વેચાણ કરવામાંથી બચાવવા માટે PACS કક્ષાએ ગોડાઉન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવાની આ મોટી યોજના છે.
- **SOP માર્ગદર્શિકા અને સુધારાઓઃ** આ યોજના હેઠળ PACS ખાતે ગોડાઉનની સાથે કસ્ટમ હાયરિંગ સેન્ટર (CHC), પ્રોસેસિંગ યુનિટ્સ અને ફેર પ્રાઈસ શોપ્સ (FPS) નું સંકલન કરવામાં આવી રહ્યું છે.

6.2 PACS નું કમ્પ્યુટરીકરણ અને આદર્શ ઉપનિયમો

- **આદર્શ ઉપવિધિઓ (Model Bye-laws):** PACS ને માત્ર ધિરાણ પૂરતું સીમિત ન રાખતા બહુ-ઉદ્દેશીય બનાવવા માટે નવા મોડેલ બાયલોઝ તૈયાર કરાયા છે અને તેનો અમલ શરૂ થયેલ છે.
- **ડિજિટાઈઝેશન અને નેશનલ સોફ્ટવેરઃ** દેશભરની તમામ કાર્યરત પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) નું કમ્પ્યુટરીકરણ કરીને તેમને કેન્દ્રીય નેશનલ સોફ્ટવેર સાથે જોડવામાં આવી રહી છે.
- **વિશિષ્ટ મોડેલ બાયલોઝઃ** ડેરી અને મત્સ્ય ક્ષેત્રે પ્રાથમિક સમિતિઓના ગઠન માટે વિશેષ M-DCS (બહુ-ઉદ્દેશીય ગ્રામીણ ડેરી સહકારી સમિતિઓ) અને M-FCS (બહુ-ઉદ્દેશીય મત્સ્ય સહકારી સમિતિઓ) માટેના આદર્શ ઉપનિયમો તૈયાર કરી અમલી બનાવવામાં આવ્યા છે.

૬.૩ બહુ-ઉદ્દેશીય PACS અને સેવા વિસ્તરણ (Multi-Purpose PACS & Service Expansion)

- **PACS ને CSC (કોમન સેવા કેન્દ્ર) તરીકે વિકાસઃ** કમ્પયુટરીઝમ બાદ PACS હવે ગામડાઓમાં ૩૦૦ થી વધુ ઈ-સેવાઓ, નાગરિક સેવાઓ અને ડિજિટલ સેવાઓ પૂરી પાડતા કોમન સર્વિસ સેન્ટર (CSC) તરીકે કાર્ય કરે છે.

- બેંક મિત્ર, માઈક્રો ATM અને RuPay KCC: PACS દ્વારા ગ્રામીણ સભ્યોને દરવાજે 'બેંક મિત્ર' સેવાઓ, માઈક્રો ATM સુવિધા અને 'રૂપે કિસાન ક્રેડિટ કાર્ડ' (RuPay KCC) પહોંચાડવામાં આવી રહ્યા છે.

૬.૪ સંકલિત યોજનાઓ અને વિસ્તૃત સુવિધાઓ

LPG / પેટ્રોલિયમ ડીલરશીપ: PACS ને હવે LPG વિતરણ અને રીટેઈલ આઉટલેટ (પેટ્રોલ/ડીઝલ પંપ) ડીલરશીપ મેળવવા માટે પાત્ર બનાવવામાં આવ્યા છે.

- **જન ઔષધિ કેન્દ્રો:** ગ્રામીણ ક્ષેત્રે ગુણવત્તાયુક્ત અને સસ્તી દવાઓ ઉપલબ્ધ કરાવવા માટે PACS ને 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર' તરીકે સંચાલિત કરવાની મંજૂરી અપાઈ છે.

૭. સહકારી શુગર મિલોના પુનરુત્થાન માટે કેન્દ્રીય કેબિનેટની યોજના

કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા દેશના સહકારી શુગર સેક્ટરને નાણાકીય રીતે સક્ષમ બનાવવા અને શેરડી પકવતા ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે:

- ૨,૦૦૦ કરોડની કેન્દ્રીય ક્ષેત્રક સહાય અનુદાન યોજના: કેન્દ્રીય મંત્રીમંડળે ૩૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ NCDC મારફત અમલી બનેલ રૂ. ૨,૦૦૦ કરોડની કેન્દ્રીય ક્ષેત્રકની સહાય અનુદાન યોજના (Central Sectro Grant-in-Aid Scheme) ને મંજૂરી આપી છે.
- **મુખ્ય હેતુઓ અને અસર:**
- આર્થિક મુશ્કેલીમાં મુકાયેલી અથવા બંધ પડેલી સહકારી શુગર મિલોનું પુનરુત્થાન કરવું અને તેમની પિલાણ ક્ષમતા વધારવી.
- શુગર મિલોમાં ઈથેનોલ ઉત્પાદન પ્લાન્ટ્સ (Ethanol Plants) અને કો-જનરેશન પાવર પ્લાન્ટ્સની સ્થાપના દ્વારા આવકના નવા સ્ત્રોતો ઊભા કરવા.
- NCDC આ યોજના હેઠળ ગ્રાન્ટ અને વ્યાજ રાહત સાથે લાંબા ગાળાનું ભંડોળ સુલભ કરાવે છે. જેથી ખેડૂતોને શેરડીના ભાવની ચુકવણી સમયસર સુનિશ્ચિત થઈ શકી છે.

૮. પ્રાદેશિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર: ગાંધીનગર પ્રાદેશિક કાર્યાલય

NCDC દેશભરમાં સ્થિત તેના ૨૨ થી વધુ પ્રાદેશિક કાર્યાલયોના સક્ષમ નેટવર્ક મારફત પોતાની પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. આ માળખામાં પશ્ચિમ ભારતના સહકારી ક્ષેત્ર માટે ગાંધીનગર પ્રાદેશિક કાર્યાલય મુખ્ય કેન્દ્ર તરીકે કાર્ય કરે છે.

ગાંધીનગર પ્રાદેશિક કચેરી અને પશ્ચિમ ભારતનું સહકારી માળખું

- **ક્ષેત્રીય ભૂમિકાઃ** NCDC પ્રાદેશિક કાર્યાલય, ગાંધીનગર દ્વારા ગુજરાત અને આસપાસના પશ્ચિમ ભારતીય વિસ્તારોમાં ડેરી, મત્સ્યપાલન, શુગર મિલો, ટેક્સટાઈલ અને માર્કેટિંગ સહકારી સંસ્થાઓને સીધું ધિરાણ અને યોજનાકીય માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.
- **હરિત ઉર્જા સુધારાઓ (Solar Power Initiatives):** પર્યાવરણ અનુકૂળ ઉર્જા સક્ષમતા વધારવા માટે NCDCના ગાંધીનગર પ્રાદેશિક કાર્યાલય ભવન ખાતે રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના હાથ ધરવામાં આવી છે.
- ૯. વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬માં અધતન પહેલો અને તાજેતરનો વિકાસ

તાજેતરના વર્ષોમાં સહકારિતા મંત્રાલય અને NCDC દ્વારા લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો અને નવીનતમ રાષ્ટ્રીય પહેલોની વ્યાપક સમીક્ષા

NCDC ની ૯૨મી મહાપરિષદ (General Council) બેઠકમાં સહકારી ધિરાણનો વ્યાપ વધારવા અને ગ્રામીણ સ્તરે આંતરમાળખું સુદ્રઢ કરવા નિર્ણયો લેવાયા છે.

- **"ભારતીય સહકારી ઈકોસિસ્ટમનું સશક્તિકરણ" :** NCDC દ્વારા દેશની સહકારી ઈકોસિસ્ટમને ડિજિટલ, પારદર્શી અને નાણાકીય રીતે આત્મનિર્ભર બનાવવા અંગેની વ્યૂહરચના જાહેર કરાઈ છે.
- **રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝ અને રાષ્ટ્રીય સહકારી નીતિ ૨૦૨૫:** દેશભરની તમામ સહકારી મંડળીઓની માહિતી ધરાવતો સર્વગ્રાહી 'National Cooperative Database' તૈયાર કરાયો છે અને નવી રાષ્ટ્રીય સહકારી નીતિ ૨૦૨૫ (National Cooperative Policy 2025) અમલી બનાવાઈ છે.
- **'ભારત ટેક્ષી' (Bharat Taxi) નો શુભારંભઃ** શહેરી પરિવહન ક્ષેત્રે ડ્રાઈવરોને જ માલિકી હક આપતા સ્વદેશી સહકારી મોડેલ "ભારત ટેક્ષી"ની શરૂઆત ૨૭ જૂન ૨૦૨૬ ના રોજ ગુજરાતથી કરવામાં આવી છે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ સહિતના શહેરોમાં ૨-વ્હીલર, ઓટો અને ૪-વ્હીલર સેવાઓ શરૂ કરાઈ છે. ત્યારબાદ મહારાષ્ટ્રમાં ૨૩ જુલાઈ ૨૦૨૬ના રોજ આ સેવાનો પ્રારંભ કરાયો છે.
- **NUCFDCના નવા પરિસરનું ઉદ્ઘાટન અને 'સહકાર નવ-ક્રાંતિ' :** શહેરી સહકારી બેન્કિંગ ક્ષેત્રને મજબૂત કરવા નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NUCFDC) નું કાર્યાલય શરૂ કરવામાં આવ્યું છે.

- **CRCS-સહારા રિફંડ પોર્ટલનું પુનઃ બહાલીકરણઃ** સહારા સમૂહની સહકારી સમિતિઓના વાસ્તવિક જમાકર્તાઓના દાવાઓની ઝડપી ચુકવણી માટે પોર્ટલને પુનઃ સક્રિય કરાયું છે.
- MSCARO, 2026 **નોટિફિકેશનઃ** બહુ-રાજ્ય સહકારી સમિતિઓમાં પારદર્શી હિસાબી તપાસ સુનિશ્ચિત કરવા મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ (ઓડિટર્સ રિપોર્ટ) ઓર્ડર, 2026 (MSCARO, 2026) જારી કરવામાં આવ્યો છે.
- **શ્વેત ક્રાંતિ 2.0 (White Revolution 2.0):** ડેરી ક્ષેત્રે દૂધ એકત્રીકરણ, પ્રોસેસિંગ અને ગુણવત્તા નિયંત્રણ માટે ૨૫,૦૦૦ કરોડના એક્શન પ્લાન સાથે શ્વેત ક્રાંતિ ૨.૦ની શરૂઆત કરવામાં આવી છે,

૧૦. નિષ્કર્ષ અને ભાવિ રોડમેપ (Conclusion & Future Roadmap)

રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) અને કેન્દ્રીય સહકારિતા મંત્રાલયના સંયુક્ત પ્રયાસોથી ભારતીય સહકારી ક્ષેત્રમાં યુગ પરિવર્તનકારી બદલાવ આવ્યો છે. વ્યાપક કાનૂની સુધારા, કમ્પ્યુટરીકરણ, વિશ્વની સૌથી મોટી અન્ન ભંડારણ યોજના, મોડેલ બાયલોઝ અને લક્ષિત નાણાકીય પ્રોત્સાહનો દ્વારા પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) થી લઈને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના સહકારી સંઘો સુધીના સમગ્ર માળખામાં નવો પ્રાણ પૂરાયો છે.

ભાવિ રોડમેપઃ

- **સર્વસમાવેશી સહકારી કવરેજઃ** દેશની દરેક ગ્રામ પંચાયતમાં ઓછામાં ઓછી એક બહુ-ઉદ્દેશીય PACS, ડેરી અથવા મત્સ્ય સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવનાર છે.
- **ડિજિટલ અને પારદર્શી વહીવટઃ** PACS કમ્પ્યુટરીકરણ, MSCARO 2026 ઓડિટ ધોરણો અને નેશનલ કો-ઓપરેટિવ ડેટાબેઝ દ્વારા નાણાકીય શિસ્ત અને જવાબદેહી સુનિશ્ચિત કરવામાં આવી છે.
- **સહકારી સાહસિકતા અને નવીનતાઃ** યુવા સહકાર, નંદિની સહકાર, આયુષ્માન સહકાર, સહકાર મિત્ર, અને 'ભારત ટેક્ષી' જેવા ઈનોવેટિવ મોડેલ્સ દ્વારા યુવાનો અને મહિલાઓને સહકારી સાહસો તરફ આકર્ષિત કરવામાં આવી રહ્યા છે.

NCDC ના આ મજબૂત નાણાકીય અને સંસ્થાકીય માળખા દ્વારા ગ્રામીણ અર્થતંત્ર સુદ્રઢ બની રહ્યું છે, જે ભારત સરકારના 'સહકાર થી સમૃદ્ધિ' ના સ્વપ્નને સાકાર કરવામાં અગ્રીમ ભૂમિકા ભજવી રહ્યું છે.

સહકારથી સમૃદ્ધિ

પરિવર્તનના પ્રવાહમાં સહકારિતા ક્ષેત્ર ઉજ્જવળ થશે

ભારત વિશ્વમાં વસ્તીની દ્રષ્ટિએ પ્રથમ આવે છે તો પ્રવર્તમાન વૈશ્વિક માહોલમાં દેશ આર્થિક રીતે સક્ષમ રહી પ્રગતિ પથ ઉપર હરણફાળ ભરવા કટિબદ્ધ છે. વિશ્વમાં અલગ અલગ ચાલતા યુદ્ધો - પ્રતિબંધો - ટેરીફ વચ્ચે પણ દેશ પોતાની શક્તિને હકારાત્મક દ્રષ્ટિથી વિકાસ સાધવાના લક્ષ્યને અગ્રતા આપી રહ્યો છે. વધતી વસ્તી અને પ્રશ્નોને નજર સમક્ષ રાખીને સહકારથી નવા નવા વિચારો તથા કાર્યપ્રણાલી ને આગળ ધપાવી રહી છે અને સમયની જરૂરિયાત મુજબ પરિવર્તનો કરી રહી છે. આપણે અનુભવ્યુ તેમ દેશનું બેન્કિંગ બદલાઈ ગયું કરન્સી નોટ બેંકોના મર્જરના પરિવર્તનો જોયા, કાયદા-કાનૂનીમાં જૂના રદ કરી નવા લાવવામાં આવ્યાં આત્મનિર્ભર ભારતનો વિચાર રાષ્ટ્રના વિકાસનો મોટો સંકલ્પ છે. ડિજિટલ ઈન્ડિયા, સ્કીલ્ડ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા આ બધા માત્ર ટાઈટલ નથી એ પ્રગતિના માર્ગે નવા સોપાનો છે સાથે નવું કલેવર બનાવવાના મક્કમ ઈરાદાઓ છે અને એક પરિવર્તનનો જાદુ છે, લોકો પ્રત્યક્ષ રીતે અનુભવી રહ્યા છે કે દેશ બદલાઈ ગયો છે અને દુનિયાની રફતાર સાથે આપણી કાર્ય પદ્ધતિ પણ ધરમૂળથી બદલાઈ રહી છે અને તેમાં આધુનિક શૈલી - ટેકનોલોજી અગ્ર ક્રમે આવી રહી છે. ભારતનો આત્મા ગામડાઓમાં વસે છે તો હવેના ગામડાઓ પણ શહેરી વિસ્તારના પરા જેવા બની રહ્યા છે!! ગ્રામ્ય કક્ષા એ પણ જે અત્યાધુનિક ઉપકરણો અને માળખાકીય સવલતો પહોંચી ગઈ છે, તેના આંગળીના ટેરવાના સ્પર્શની પ્રતિક્ષા કરતું તત્ત્વ થઈ જ ગયુ છે, આ સમયની પણ કમાલ કહી શકાય.

સહકારિતા ક્ષેત્રની વ્યાપકતા અને આર્થિક સંભાવનાઓને નજર સમક્ષ રાખીને કેન્દ્ર કક્ષાએ એક નવું જ "સહકારિતા મંત્રાલય" ૨૦૨૧ થી કાર્યરત થયું કારણકે ભારતના દરેક રાજ્યમાં વિપુલ પ્રમાણમાં સહકારી સંસ્થાઓ કાર્ય કરી રહી છે પરંતુ બધા પોત પોતાની રીતે કાયદા આધિન તેને ચલાવે છે છતાં કોઈ એકરૂપતા જોવા મળતી નથી, ઉપરાંત કાર્ય સાથે જવાબદેહી અને ઉત્તરદાયિત્વમાં કચાશ જોવામાં આવી તો વિલંબ અને કામ પ્રત્યે અનુશાસન કમી પણ જોવા મળ્યા માટે સરકારશ્રીએ પેક્સ માટે નેટ

પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી
ફેકલ્ટી મેમ્બર
NICM, ગાંધીનગર
મો. ૯૯૨૪૫૪૯૭૪૯

આધારિત કોમ્પ્યુટર પ્રોગ્રામ અમલમાં મૂકવાની જાહેરાત કરી નોંધપાત્ર રકમ ફાળવવામાં આવી. તાલીમની પણ વ્યવસ્થા ઊભી કરી અમલમાં મૂકી. માર્ચ-૨૦૨૭ સુધીમાં ભારતની બધી જ પેક્સ આ કાર્યપ્રણાલીમાં કામ કરતી થઈ જ જશે તેવી રૂપરેખામાં સૂચના છે. ત્રિભુવન સહકારી યુનિવર્સિટી પણ શરૂ કરવામાં આવી એ એક નોંધપાત્ર પરિવર્તન અને બહુ જ ઉચિત કદમ માની શકાય. આ યુનિવર્સિટીની પણ ઘણી જવાબદારી છે તે પણ તાલીમ બાબતે સહકારિતા ક્ષેત્રને ધ્યાનમાં રાખીને કાર્ય કરે છે. સરકારશ્રી એ સહકારિતાને ધ્યાન રાખી કાયદાઓની જોગવાઈઓમાં પણ પરિવર્તનો કર્યા છે જેનો અંતિમ હેતુ સમાનતા લાવવાનો, એકરૂપતા લાવવાનો અને જવાબદારી નક્કી કરવાનો છે. ચોક્કસ હવે નવી કાર્ય શૈલીમાં સ્વયમ પ્રાપ્ત થશે અને તેના પરિણામ સ્વરૂપે પારદર્શિતા પણ આવી જશે. જ્યારે જ્યારે કોઈ પરિવર્તન ઊભા થાય કે લાવવામાં આવે ત્યારે એ અત્યંત સ્વીકૃત થઈ જતા નથી તેમાં સમય લાગે છે પરંતુ જ્યારે લોકોને કે કાર્ય કરનાર વર્ગને તેના ધાર્યા પરિણામો મળવા લાગે છે ત્યાર બાદ તે વિકસિત થઈ આગળ વધે છે. સહકારિતાનું ફલક બહુ જ વિસ્તૃત છે ત્યારે ક્રમશઃ સહકાર દરેક પાસાને લક્ષ્યમાં રાખી પરિવર્તન કરવા મક્કમ છે.

દેશની સહકારી સોસાયટીઝ જો ગણો તો તે ૮,૫૪,૧૮૭ કુલ ૨૦૨૪ નાં અંતે જોવા મળે છે તેમાં ડેરી - ૧.૫૫ લાખ, હાઉસિંગ-૧.૯૩ લાખ, અને પેક્સ - ૧.૦૪ લાખ છે. ભારતમાં આ બધાને તાલીમ એન.સી.સી.ટી. (નેશનલ કાઉન્સીલ ફોર કો-ઓપરેટિવ ટ્રેનિંગ) દ્વારા આપવામાં આવે છે જે મિનીસ્ટ્રી ઓફ કો-ઓપરેશન હેઠળ આવે છે. કેન્દ્ર સરકારના કાર્ય ક્ષેત્રમાં અંદાજે ૨૦ સંસ્થાઓ છે. તાલીમ આપવાનાં મિશનમાં કોઈ કચાશ કે કમી જોવા મળતી નથી તો હવે પછીના સમયની સાથે જે પરિવર્તન આવશે તેમાં સહકારિતા ક્ષેત્રની તમામ પ્રકારની મંડળીઓ, બેન્કો અન્ય સંસ્થાઓને યોગ્ય માનવ સંસાધન ઉપલબ્ધ થાય કે જે વાસ્તવિક જરૂરિયાત અને વિકાસનો મૂળભૂત પાયો કહેવાય છે તેના ઉપર પણ કામ થશે. યોગ્ય કામ માટે યોગ્ય કર્મચારીની નીતિ સંલગ્ન પરિવર્તન પણ લાવવાની પૂરી શક્યતા છે. સરકારની નીતિ સર્વગ્રાહી અને વ્યાપક છે જે પ્રગતિ સાધવામાં ચાવીરૂપ છે. આ બધા પાછળ જે મુખ્ય હેતુ છે તે આત્મનિર્ભર ભારતનો છે. આત્મનિર્ભર રાષ્ટ્ર બને તો આર્થિક દ્રષ્ટિએ ભારત ખુબ જ મજબુત રાષ્ટ્ર થઈ શકે તેમ છે કારણ કે આપણી પાસે શ્રમબળ છે, સંસ્થાઓ છે, લોકોની ડિમાન્ડ પણ છે જેથી સરકાર જરૂરી નાણાકીય - માળખાકીય

સહાયતા કરી નવા સ્વરૂપમાં આ બધી સંસ્થાઓને વિકસિત જોવા ઈચ્છે છે. ભારત પ્રથમથી જ કૃષિ પ્રધાન દેશ છે અને કૃષિ સંલગ્ન કામોમાં હવે પરિવર્તન જે આવી રહ્યા છે તેમાં સપ્લાય ચેઈનની મજબુતી અને કૃષિ ઉત્પાદનોનાં મૂલ્યવર્ધનને પ્રાથમિકતા આપવાની નેમ છે અને આ દિશામાં આયોજનો થઈ રહ્યાં છે જેથી કૃષિકારોને લાભ પુરતા મળતા થાય અને વચેટિયા વર્ગને કાયમી રીતે દૂર કરવાનું ઉમદા ધ્યેય પણ છે, મૂલ્યવર્ધન બહુમુલ્ય વિચાર છે.

સહકારિતા ક્ષેત્રના પરિવર્તનોથી કૃષિ, આનુષંગિક પ્રવૃતિઓ અને છેવટના ઉપભોક્તા સુધી સુધારણાનો અહેસાસ કરવાના હેતુને સરકાર સાકાર કરવા માટે આગળ વધતી જાય છે એટલે જ સૂત્ર આપ્યું છે કે "સહકાર થી સમૃદ્ધિ" સમૃદ્ધ થવા માટે વિચાર, આયોજન ત્યારબાદ કાર્ય શૈલી, નિયમિત સુપરવિઝન અને ભુલસુધાર બહુ જ મહત્વના ગણવામાં આવે છે. કૃષિ સુધારણાના પ્રયાસો ચાલુ જ છે પરંતુ ગ્લોબલ વોર્મિંગ - ક્લાઈમેટ ચેન્જ અને અલનીનો જેવી બાબતોથી આપણા કૃષિ ઉત્પાદનોને ગંભીર અસર થઈ રહી છે ત્યારે સરકારશ્રી હવે ખાદ્યાન્નના ભંડારણના મુદ્દે જબરૂ પરિવર્તન લાવી રહી છે જેથી અનાજ ને યોગ્ય રીતે સાચવી શકાય અને કૃષિકારોને વેચવા મજબૂર થવું ના પડે ! આ રીતે ગોડાઉનમાં મૂકેલા અનાજની ખરીદ સાથે બેંક લોન પણ મળી શકે છે. ક્લાઈમેટ ચેન્જના લીધે વિશ્વમાં ભોજનની વ્યવસ્થા ગંભીર રીતે ખોરવાઈ જવાની ભીતિ ઊભી થઈ છે ટૂંકમાં વિશ્વમાં અનાજ વગેરેના સંગ્રહ (સ્ટોરેજ)ની દ્રષ્ટિએ ભારત પ્રથમ નંબરે આવે તેવા આયોજન થઈ ગયા છે. આ પણ એક નોંધપાત્ર પરિવર્તન છે જે સહકારિતાની સંસ્થાઓ સાથે સંલગ્ન થશે જેના માટે ગૌરવ લઈ શકાય છે. સરકારશ્રીને પણ અભિનંદન.

ઉપસંહારઃ-

દેશના સહકારિતા ક્ષેત્રમાં વિપુલ પ્રમાણમાં વિવિધ કાર્યો થઈ રહ્યા છે તેને આધુનિક કાર્ય શૈલીથી આવરીં લેવાના તથા યોગ્ય કાનૂની પરિવર્તન કરી જવાબદેહી પ્રત્યે સભાનતા લાવવાના હેતુઓથી રાષ્ટ્રના વિકાસ દરને પણ ઉમદા રીતે વૃદ્ધિ કરાવવાના કામને અવશ્ય બિરદાવવા પડે. આપણો પ્રયાસ વિકસિત ભારતનો હોય ત્યારે પરિવર્તનોને હૃદયથી સ્વીકૃત કરી સરકારશ્રીને સાથ આપીએ તેવી અભ્યર્થના છે સહકારથી મળશે સમૃદ્ધિ અને સમૃદ્ધિથી મળશે શક્તિ.

જય હિન્દ - જય સહકાર - અસ્તુ

કેશ સ્ટડી

સહકારનાં પુનઃરચિત સિધ્ધાંતનાં ચશ્માએ શ્રી છીણમ સેવા સહકારી મંડળીની વિકાસગાથા

અલગ અલગ પાણીનાં બૂંદ તો વિખરાઈ જશે. સહકારમાં એકઠાં થયેલાં બૂંદ મહાસાગર બની રહેશે.' **– ગાંધીજી**

સહકારના સિધ્ધાંતોને ચરિતાર્થ કરતી સહકારી સંસ્થાઓ માની એક અગ્રગણ્ય સહકારી સંસ્થા, ખેડૂતોનાં શોષણને અટકાવવા તથા સૌના માટે ટકાઉ વિકાસ સાધવા શ્રી છીણમ સેવા સહકારી મંડળી લિ., મુ.પો-છીણમ, વાયા-મરોલી બજાર, તા.જલાલપોર, જિલ્લો-નવસારી, એ તેના અસ્તિત્વના ૧૦૨ વર્ષ પૂરા કર્યા છે. સહકારી ક્ષેત્રે ગૌરવપ્રદ અને નોંધનીય ઘટના ગણી શકાય. આ સહકારી સંસ્થાની પ્રત્યક્ષ મુલાકાત તથા મંડળીના સને ૨૦૨૫-૨૦૨૬ના વર્ષના વાર્ષિક અહેવાલ તથા અન્ય સંલગ્ન સાહિત્યના આધારે વિહંગાવલોકન કરવા પ્રયત્નો કર્યો છે, જે અન્ય સહકારી સંસ્થાઓને તેના ભાવિ વિકાસના આયોજનમાં ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

કેતનકુમાર મો. દેસાઈ
સી.ઈ.આઈ. (લેક્ચરર)
કામરેજ તાલીમ કેન્દ્ર, સુરત

શ્રી છીણમ સેવા સહકારી મંડળીનો ઉદ્‌ભવ-વિકાસ :-

સને ૧૯૧૩માં ૧૭ સાહસિક ખેડૂતો ભેગા મળી મોરારભાઈ ગોવનભાઈ પટેલના નેતૃત્વમાં મંડળીનો પાયો નાંખી સૂચિત મંડળી તરીકે ૧૦ વર્ષ સુધી કાર્યરત રાખી અને અંતે તા.૦૩/૦૭/૧૯૨૪ (રજિ.નંબર : ૧૬૭૪૪) ના રોજ વડોદરા રાજ્યની હુકમત નીચે ખેતી ઉદ્યોગના વિકાસની પ્રવૃત્તિઓ કરવા હેતુ છીણમ આંટ વધારનારી અનિયમિત સહકારી મંડળી તરીકે રજિસ્ટર્ડ થઈ. જેના પ્રથમ પ્રમુખ લખાભાઈ લાલભાઈ પટેલ હતા. ઉત્તરોત્તર પ્રગતિ કરતા તેમજ સહકારી કાયદાઓમાં બદલાવ આવતા સને ૧૯૫૦માં આ મંડળીનું નામ છીણમ એગ્રિ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. થયું ત્યાર બાદ ફરીથી સને ૧૯૬૦માં આ મંડળી શ્રી છીણમ સેવા સહકારી મંડળી લિમિટેડ તરીકે રજિસ્ટર્ડ થઈ. હાલ મંડળીનાં પ્રમુખ તરીકે શ્રી દલુભાઈ બલ્લુભાઈ આહિર અને ઉપ-પ્રમુખ તરીકે શ્રી શૈલેષકુમાર રણછોડજી નાયક કાર્યરત છે.

હાલમાં છીણમ મંડળીના શતાબ્દી ૧૦૦ વર્ષની ઉજવણી પ્રસંગે ગુજરાત રાજ્ય

સહકારી સંઘ, અમદાવાદના માનદમંત્રી તેમજ જિલ્લા તથા તાલુકા કક્ષાની વિવિધ સહકારી સંસ્થાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં મુખ્ય હોદ્દા ઉપર સેવા આપનાર શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલના પ્રમુખ સ્થાને તા.૨૬-૧૨-૨૦૨૪ ના રોજ હાજર રહી કાર્યક્રમને દીપાવ્યો હતો. સાથે જિલ્લા તથા તાલુકાની સહકારી સંસ્થાઓના સહકારી અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા.

સહકારનાં પુનઃરચિત સિધ્ધાંતનાં અનુરૂપ શ્રી છીણમ સેવા સહકારી મંડળીની સેવાકીય કામગીરીનું વિશ્લેષણ નીચે મુજબ છે.

વિશ્વની સહકારી સંસ્થાઓ વિશ્વવ્યાપી આ સહકારના સિધ્ધાંતો દ્વારા પાયાના સહકારી મૂલ્યોને વ્યવહારમાં મૂકી અને સિધ્ધાંતોને કેન્દ્રમાં રાખી જે તે સરકારો તેમના સહકારી મંડળીઓના કાયદાઓ ઘડે તેવી અપેક્ષા રાખવામાં આવી છે. સહકારના આ નવા સાત સિધ્ધાંતોની સમજૂતી આઈસીએ (International Cooperative Alliance) દ્વારા આપેલ છે. જે સંક્ષિપ્તમાં નીચે જણાવ્યા મુજબ છે. સાથે સાથે શ્રી છીણમ સેવા સહકારી મંડળીના સહકારનાં પુનઃરચિત સિધ્ધાંતો મુજબની સેવાકીય કામગીરીનું વિશ્લેષણ નીચે મુજબ છે.

૧. સ્વૈચ્છિક અને ખુલ્લુ સભ્યપદ :-

સહકારી મંડળીઓ એ સ્વૈચ્છિક સંસ્થાઓ છે. જ્ઞાતિ જાતિ, સામાજિક, રાજકીય કે ધાર્મિક ભેદભાવ વગર જેઓ મંડળીની સેવાઓનો ઉપયોગ કરવા શક્તિમાન હોય અને જેઓ સભાસદો તરીકેની જવાબદારીઓ અને ફરજો સ્વીકારવા માટે તૈયાર હોય તેવી વ્યક્તિ માટે સહકારી મંડળીનું સભ્યપદ ખુલ્લું છે.

શ્રી છીણમ સેવા સહકારી મંડળીની શરૂઆતથી સહકારનાં સિધ્ધાંતો મુજબ કામગીરી કરતી આવેલ છે. મંડળીએ કાર્યક્ષેત્રનાં તમામ જાતિ જ્ઞાતિનાં લોકો માટે મંડળીનાં પેટાકાયદા મુજબ સ્વૈચ્છિક અને ખુલ્લુ સભ્યપદ રાખેલ છે. મંડળીની વર્ષ ૨૦૨૫-૨૦૨૬ મુજબ મહિલા સભ્યો- ૭૬, પુરૂષ સભ્યો- ૨૦૭ મળી કુલ સભાસદ સંખ્યા ૨૮૩ છે. જેમાં એસસી / એસટીમાં મહિલા સભાસદ ૩ અને પુરૂષ સભાસદ ૧૨ મળી ૧૫ સભ્યો છે. તેજ રીતે ઓબીસી અન્યમાં મહિલા સભાસદ ૭૩ અને પુરૂષ સભાસદ ૧૯૫ મળી ૨૬૮ સભ્યો છે. આમ ગામમાં રહેતા દરેક જ્ઞાતિ જાતિના લોકોને મંડળીનાં સભાસદ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.

૨. સભાસદોનો લોકશાહી અંકુશ :-

સહકારી મંડળીઓએ લોકશાહી સંસ્થાઓ છે જેનું નિયંત્રણ તેમના સભાસદો કરે છે અને મંડળીની નીતિઓ ઘડવામાં તેમજ નિર્ણયો કરવામાં તેઓ સક્રિય રીતે ભાગ લે છે. ચૂંટાએલા પ્રતિનિધિઓ તરીકે સેવાઓ

આપતા વ્યવસ્થાપક સમિતિનાં સભ્યો મંડળીના સભાસદોને જવાબદાર છે. પ્રાથમિક સહકારી મંડળીઓમાં સભાસદોને સમાન-સરખા મતાધિકાર છે (એક વ્યક્તિ-એક મત) અને જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય સ્તર જેવી અન્ય સ્તરોની સહકારી સંસ્થાઓ પણ લોકશાહી પધ્ધતિએ સ્થાપવામાં આવે છે અને તે રીતે જ તેનું સંચાલન કરવામાં આવે છે.

શ્રી છીણમ સેવા સહકારી મંડળી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળી નવા કાયદાકીય સુધારા મુજબ ચૂંટણી પ્રક્રિયા દ્વારા ૨૮૩ જાગૃત સભાસદોએ વર્ષ-૨૦૨૪માં ચૂંટણી સંપન્ન કરાવેલ છે. જેમાં નવા સુધારા મુજબ મંડળીનાં વ્યવસ્થાપક સમિતિ સભ્યોમાં - સામાન્ય બેઠક ઉપર ખેડૂત સભ્ય-૯, ઈકોનોમિક હોલ્ડિંગ ધરાવતા ખેડૂત સભ્ય (નાના/સીમાંત ખેડૂત)-૧, અનુ.જાતિ. તથા અનુ.જન જાતિના ખેડૂત સભ્ય-૧, મહિલા ખેડૂત સભ્ય-૨ મળી કુલ - ૧૩ સભ્યો છે. આમ છીણમ મંડળી સભાસદોના લોકશાહી અંકુશ મુજબ કાર્ય કરે છે.

૩. સભાસદોની આર્થિક સહભાગીદારી :-

સભાસદો સરખી સમાન રીતે પોતાનો હિસ્સો આપે છે અને તેમની સહકારી મંડળીની મૂડી ઉપર લોકશાહી રીતે અંકુશ તેમજ નિયમન રાખે છે. સભ્યપદની એક શરત તરીકે તેમણે આપેલી મૂડી ઉપર તેઓ મર્યાદિત વળતર મેળવે છે. આ ઉપરાંત નીચે જણાવેલમાંથી કોઈ પણ માટે કે તમામ હેતુઓ માટે સભાસદો નફાની ફાળવણી કરે છે. તેમની સહકારી મંડળીના વિકાસ અને પ્રગતિ સાધવા સહકારી મંડળી સાથેના તેમના વ્યવહારોના પ્રમાણમાં સભાસદોને લાભ-વળતર આપવા અને સભાસદો દ્વારા માન્ય રાખવામાં આવેલ અને બીજી પ્રવૃત્તિઓને સહાય-ટેકો આપવાના હેતુ માટે થાય છે.

શ્રી છીણમ સેવા સહકારી મંડળી લિ.ના સભાસદોનું રૂ.૫,૨૮,૫૦૦/- શેર ભંડોળ છે. મંડળી તેમના સભાસદોએ રોકેલ શેર પ્રમાણે ૧૫% ડિવિડન્ડ દર વર્ષે આપે છે. મંડળી દર વર્ષે ચોખ્ખા નફામાંથી કાયદા, પેટા કાયદા મુજબ નફાની ફાળવણી કરે છે. જેમાં મંડળીની સધ્ધરતા, સભાસદોનું હિત, મંડળીનાં ઉદ્દેશો મુજબ વિવિધ વિષયો અનુસાર ફંડોની ફાળવણી અલગ અલગ ટકાવારી પ્રમાણે ફાળવવામાં આવે છે. મંડળીનાં સભાસદો થકી બાંધીમુદત થાપણ રૂ.૫૧,૦૬,૬૨૭/-, સેવિંગ્સ થાપણ રૂ.૯૧,૮૪,૪૭૩/- તથા ફરજિયાત બચત થાપણ રૂ.૧૭,૮૨,૧૪૪/- મળી કુલ રૂ.૧,૬૦,૭૩,૨૪૪/- ની થાપણો છે. જ્યારે ધિરાણમાં ખેતી વિ.કેસીસી/ટૂંકી મુદત ધિરાણ રૂ.૬૩,૯૧,૧૦૭/- તથા મધ્યમ મુદ્દત અને અન્ય ધિરાણ રૂ.૩૧,૭૮,૦૫૩/-

મળી કુલ ધિરાણ રૂ.૯૫,૩૯,૧૬૦/- છે. આમ મંડળીના અહેવાલ મુજબ સભાસદોની આર્થિક સહભાગીદારી તથા ઉદેશો પ્રમાણેની કામગીરીમાં સતત વધારો થતો જોવા મળે છે.

૪. સ્વાયત્તતા અને સ્વતંત્રતા :-

સહકારી મંડળીઓ તેમના સભાસદો દ્વારા અંકુશિત અને નિયંત્રિત સ્વાશ્રયી સંસ્થાઓ હોઈ તેઓ સ્વાયત્ત છે. જો તેઓ સહકાર સહિત બીજી સંસ્થાઓ સાથે કરારમાં પ્રવેશ કરે અથવા બહારનાં સાધનોમાંથી મૂડી ઊભી કરે ત્યારે તેઓ તેમ કરે છે અને તે તેમની સહકારી સ્વાયત્તતાને જાળવે છે. સહકારી માળખામાં સભાસદોની સ્વાયત્તતા અને સ્વતંત્રતા જ કેન્દ્રમાં રહેવી જોઈએ.

શ્રી છીણમ સેવા સહકારી મંડળીનાં અહેવાલ, હિસાબ મુજબ ખરેખર સ્વાયત્ત સંસ્થા પુરવાર થયેલ છે. મંડળીનું સ્વકીય ભંડોળ :- મંડળીના પેટા કાયદા (પ્રકરણ-૪ મૂડી અને ફંડ) મુજબ મુદ્દા નં.૮/૩ પ્રમાણે નાણાં ઉછીના લેવા માટે શેર ભંડોળ રૂા.૫,૨૮,૫૦૦/- + રિઝર્વ ફંડ રૂા. ૧૬,૫૯,૯૪૭/- + બિલ્ડિંગ ફંડ રૂા.૩૬,૨૭,૯૬૧/- મળી કુલ સ્વકીય ભંડોળ રૂા.૫૮,૧૬,૪૦૮/- છે, જેના સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૪૪ મુજબ ૧૦ પટ ની મર્યાદામાં રહીને મંડળી બહારથી કરજ ઊભું કરી શકશે. આમ મંડળી ઉદ્દેશો મુજબ સ્વાયત્તતા અને સ્વતંત્રતાથી કામગીરી કરી રહેલ છે. હાલમાં મંડળીએ પોતાના ભંડોળમાંથી વર્ષ:૨૦૨૪માં અદ્યતન ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ તથા તમામ સુવિધા સાથેની નવી ઓફિસનું નવીનીકરણ કરવામાં આવેલ છે. જેના મીઠા ફળો વિવિધ સેવાકીય લાભોથી સભાસદોને મળી રહ્યા છે.

૫. શિક્ષણ, તાલીમ અને માહિતી :-

સહકારી સંસ્થાઓ તેમના સભાસદો, ચૂંટાયેલા સંચાલક મંડળના પ્રતિનિધિઓ, મેનેજરો અને કર્મચારીઓ માટે સહકારી શિક્ષણ અને તાલીમનો પ્રબંધ કરે છે. જેથી કરીને તેઓ તેમની સહકારી મંડળીઓના વિકાસ માટે અસરકારક રીતે ફાળો આપી શકે તેઓ આમ જનતાને સહકારના સ્વરૂપ અને મળતા લાભોથી સુમાહિતગાર રાખે- ખાસ કરીને યુવા વર્ગને મહિલાઓને અને મત પ્રદર્શિત કરતા નેતાઓને.

શ્રી છીણમ સેવા સહકારી મંડળીમાં કુલ ૫ કર્મચારીઓ છે. જેમાં મંડળીનાં મેનેજર શ્રી સુજીતભાઈ ડાહ્યાભાઈ ટેલર શ્રી દ.ગો પટેલ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મુ.તા.કામરેજ, જિલ્લો- સુરત મુકામે ડિપ્લોમા ઈન કો-ઓપ. મેનેજમેન્ટની તથા વખતો વખત સહકારિતાની વિવિધ તાલીમો

મેળવેલ છે. સાથે મંડળી તેમના સભાસદો, વ્યવસ્થાપક સમિતિ સભ્યો તથા કર્મચારીઓ તમામ માટે શિક્ષણ, તાલીમ અને માહિતી માટે વ્યવસ્થા કરતી રહે છે. મંડળી દ્વારા પાક પરિસંવાદ, મહિલા સેમિનારો, શિબિરો સફળતા પૂર્વક યોજવામાં આવે છે.

૬. સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર :-

સહકારી મંડળીઓ તેમના સભાસદોની અત્યંત અસરકારક અને ઉપયોગી સેવાઓ કરે છે તેમજ સ્થાનિક, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય માળખાઓ મારફતે સાથે મળીને કામ કરી તે દ્વારા સહકારી પ્રવૃત્તિને સંગીન બનાવે છે. જુદી જુદી હરોળ અને સ્તરની સહકારી સંસ્થાઓ વચ્ચે સંકલન, સમન્વય અને સમર્થન ખૂબ જ જરૂરી છે.

શ્રી છીણમ સેવા સહકારી મંડળી તેના વિસ્તારની વિવિધ સહકારી સંસ્થાઓ સાથે સુમેળ સાધી તમામ પ્રકારની આરોગ્ય લક્ષી, શૈક્ષણિક લક્ષી, સમાજ લક્ષી સેવાઓ આપવા માટે તત્પર રહે છે. મંડળી દ્વારા તાલુકા સંઘ, ગુજકોમાસોલ, ઈફકો, ક્રિભકો તેમજ આજુબાજુની સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર સાધી કાર્યક્ષેત્રનાં લોકો માટે એક એનેરી સેવાકીય સુંગધ ફેલાવી રહી છે, જે છીણમ મંડળીનાં કાર્યક્ષેત્રની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા નીહાળી શકાય છે.

૭. સમાજ પરત્વે ઉત્તરદાયિત્વ :-

આ સિધ્ધાંતનો ઉદ્દેશ લોકોનો આર્થિક વિકાસ કરવાનો તો છે જ પરંતુ એ જ માત્ર સહકારી પ્રવૃત્તિનો સર્વોપરી ઉદ્દેશ નથી. એ બાબતની સહકારી મંડળીઓએ ખાત્રી રાખવી જોઈએ કે આર્થિક વિકાસના લાભો સમાજના તરછોડાયેલા, નબળા, સાધનવિહોણા છેક છેવાડાના ગરીબ માનવી સુધી પહોંચવા જોઈએ અને શક્તિશાળી, વગ ધરાવતા કે વચેટિયા લોકો વિગેરે તેને અધવચ્ચે અટકાવી આંચકી ન લે. સમગ્રતયા સમાજની પ્રગત્તિ અને વિકાસની ખેવના સહકારી પ્રવૃતિએ કરવાની છે. સહકારી મંડળીઓના કેટલાક સામાજિક પાસાંઓ આ પ્રમાણે છેઃ રોજગારી ઊભી કરવી, ઔપચારિક અને અનઔપચારિક શિક્ષણ, ધંધાકીય તાલીમ, વૈદકીય અને આરોગ્ય વિષયક સેવાઓ, પર્યાવરણ સુરક્ષા વિષયક પ્રવૃત્તિઓ, પીવાનું પાણી પૂરું પાડવાની વ્યવસ્થા, ગૃહબાંધકામ, લલિતકલા અને રમતો, ધારાકીય મદદ, અને સલાહ-માર્ગદર્શનની સેવાઓ, ગ્રાહક શિક્ષણ અને ગ્રાહક સુરક્ષા, ગ્રામ્ય કલ્યાણ કાર્યક્રમો, ગ્રામ્ય સંવાદ-સંચાર સુવિધાઓ વિગેરે. સહકાર દ્વારા વ્યક્તિ વિકાસ સાધવા ઉપરાંત જે સમાજમાં તે કાર્યરત છે તેનો આ રીતે સર્વાંગી વિકાસ સાધવાનું સહકારી મંડળીનું ઉત્તરદાયિત્વ બની રહે છે.

શ્રી છીણમ સેવા સહારી મંડળી દ્વારા સમાજ પરત્વે ઉત્તરદાયિત્વ

- છીણમ મંડળી દ્વારા કાર્યક્ષેત્રનાં ખેડૂત સભાસદો માટે પાક પરિસંવાદ
- વર્ષ : ૨૦૧૮થી મંડળી સતત રોટરી આઈ હોસ્પિટલ નવસારી, માનવરોગ નિવારણ મંડળ તથા જાયન્ટ્સ ગ્રૂપ ઓફ મરોલી વિભાગ સાથે મળીને આંખની સારવાર માટેનાં આઈ કેમ્પ યોજે છે. જેમાં તા.૨૬-૦૪-૨૦૨૫ના રોજ યોજવામાં આવેલ આઈ કેમ્પમાં કુલ ૧૮૨ દર્દીઓએ લાભ લીધેલ હતો. જે પૈકી ૩૧ દર્દીઓના ઝામર તથા મોતીયાના વિના મૂલ્યે ઓપરેશન કરવામાં આવ્યા. તેમજ ૧૦૦ લાભાર્થીઓને વિના મૂલ્યે ચશ્માનું વિતરણ કરવામાં આવેલ છે.
- મંડળી દ્વારા તેમના ખેડૂત સભાસદો તેમજ સામાન્ય લોકો માટે એગ્રો સર્વિસ પ્રોવાઈડરની વ્યવસ્થા ગોઠવેલ છે.
- તમામ સભાસદો માટે રૂ.૧,૦૦,૦૦૦/-ના અકસ્માત વીમા પોલિસી તેમજ રૂ.૫,૦૦૦/-ના મેડિકલેઈમની વીમા પોલિસી ઉતરાવેલ છે સાથે સાથે મંડળીનાં કર્મચારીઓ માટે અકસ્માત વીમો તથા આરોગ્ય વીમો પણ ઉતરાવેલ છે. આ તમામ પ્રિમીયમ મંડળી પોતાના ભંડોળમાંથી ભરે છે.
- રાસાયણિક ખાતર ખરીદી ઉપર સભાસદોને ખરીદેલ ગુણી ઉપર રૂ.૧૦/-થી ૧૫/- સુધી રીબેટ આપવામાં આવે છે.
- મિનરલ વોટર પ્લાન્ટનું સંચાલન કરી સમગ્ર ગામને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવું.
- મંડળી દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ-૨૦૨૫ અંતર્ગત ૫ જુલાઈ-૨૦૨૫ના રોજ "આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ"ની ઉજવણી નિમિત્તે પ્રભાતફેરી તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.
- રાષ્ટ્રગીત "વંદે માતરમ્" ના ૧૫૦ વર્ષ પૂર્ણ થયેથી તેની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે છીણમ મંડળીમાં સમૂહ રાષ્ટ્રગાનનું આયોજન કરવામાં આવ્યું.
- મે.જિલ્લા રજિસ્ટ્રાર સાહેબ-નવસારી દ્વારા વખતોવખત અમારી મંડળીને પ્રગતીકારક બનાવવા બાબતે સૂચનો તથા માર્ગદર્શન મળતા રહે છે.

समानी व आकृतिः समाना ऋदयानी वः ।
समानमस्तु वो मनः यथा वः सुसहासति ॥
(ऋग्वेद)

"તમારા સંકલ્પ અને પ્રયત્નો ભેગા મળીને કરો, તમારા હૃદય પરસ્પર મળેલા રહો, તમારા અંતઃકરણ મળેલા રહો જેમાં, પરસ્પર સહાયતાથી ભરપુર ઉન્નતિ થાઓ"
(ઋગ્વેદ)

વર્ષ	કામોની સંખ્યા	શેર ભંડોળ રૂપિયા	રિઝર્વ ફંડ	ડિપોઝિટ ફંડ	અમલ્ય ફંડ	ખર્ચ રૂ.	ડિસ્ટ્રિબ્યુશન	ધિરાણ		વસુલાત		jcb કામગીરી
								ખે.વિ.માધ્યમ મુદત ધિ.ખે.વિ. માધ્યમ મુદત	કે.સી.સી. ટૂંકી મુદત	ખે.વિ.માધ્યમ મુદત ધિ.ખે.વિ. માધ્યમ મુદત	કે.સી.સી. ટૂંકી મુદત	
૨૦૧૬-૧૭	૩૦૧	૫,૫૩,૨૦૦	૧૩,૦૮,૬૮૫.૯૭	૧૬,૧૨,૦૦૦	૭૩,૬૫,૭૧૦.૮૪	૧,૨૫,૦૦૦.૦૦	૧૦%	૪,૫૫,૦૦૦	૪૨,૬૨,૦૦૦.૦૦	૨,૩૦,૦૦૦	૪૬,૭૭,૧૭૪.૦૦	"હા"
								-	૨૬,૩૭,૪૧૮.૦૦	૧,૨૦,૪૮૦	૨૭,૩૮,૨૪૬.૫૦	
૨૦૧૭-૧૮	૩૦૭	૫,૬૧,૪૦૦	૧૩,૪૦,૮૧૦.૬૭	૧૬,૨૪,૫૦૦	૭૩,૫૮,૬૮૩.૮૪	૧,૨૬,૭૧૩.૬૦	૧૦%	૪,૭૫,૦૦૦	૨૮,૮૫,૧૦૦.૦૦	૪,૦૧,૬૦૦	૩૮,૭૩,૫૩૫.૦૦	"હા"
								-	૧૫,૭૧,૫૦૬.૫૦	-	૨૮,૮૪,૫૧૬.૦૦	
૨૦૧૮-૧૯	૩૧૫	૫,૬૦,૪૦૦	૧૩,૬૨,૭૫૨.૬૭	૧૬,૩૭,૪૭૧	૭૩,૭૭,૬૫૦.૭૪	૧,૩૨,૫૧૩.૧૦	૧૦%	૩,૨૩,૬૩૪	૪૦,૮૧,૩૨૦.૫૦	૨,૬૬,૬૩૪	૨૮,૪૪,૭૬૧.૦૦	"હા"
								-	૧૬,૪૧,૬૮૬.૦૦	૨,૦૦,૦૦૦	૧૪,૭૦,૬૫૮.૦૦	
૨૦૧૯-૨૦	૩૧૭	૫,૭૩,૪૦૦	૧૩,૬૬,૩૬૫.૬૭	૧૬,૫૦,૭૬૨	૬૫,૧૬,૧૬૭.૭૮	૧,૩૫,૧૪૬.૭૬	૧૦%	૬૦,૨૮૧	૩૩,૬૨,૪૧૫.૫૦	૧૦,૭૦,૪૨૩	૩૧,૨૬,૧૫૮.૫૦	"હા"
								૨૩,૧૬,૮૪૩	૨૬,૫૬,૩૩૨.૦૦	૬,૬૬,૩૪૬	૧૬,૬૩,૩૧૮.૫૦	
૨૦૨૦-૨૧	૩૨૪	૫,૭૬,૬૦૦	૧૪,૩૦,૭૮૦.૦૦	૧૬,૬૪,૨૩૭	૧,૦૦,૩૮,૬૫૬.૫૦	૧,૩૬,૩૩૦.૭૮	૧૦%	-	૪૨,૪૧,૬૦૬.૦૦	૫૩,૦૦૦	૪૧,૩૮,૮૧૦.૦૦	"હા"
								૮૪,૨૩૫	૨૭,૪૦,૪૫૮.૦૦	૫૨,૭૬૩	૩૧,૬૪,૫૮૬.૦૦	
૨૦૨૧-૨૨	૩૨૫	૫,૭૮,૦૦૦	૧૪,૬૦,૫૫૬.૦૦	૩૫,૬૬,૮૭૦	૮૬,૫૪,૫૧૧.૨૮	૧,૭૮,૧૩૮.૩૪	૧૫%	-	૨૬,૬૦,૧૫૭.૦૦	૧,૭૭,૦૦૦	૨૬,૦૬,૭૪૫.૫૦	"હા"
								૧,૩૫,૭૩૭	૩૬,૦૩,૬૬૫.૫૦	૫,૦૬,૧૨૫	૩૧,૧૦,૬૧૧.૦૦	
૨૦૨૨-૨૩	૨૭૦	૫,૪૩,૮૦૦	૧૫,૧૬,૬૧૭.૦૦	૩૫,૮૭,૬૮૪	૬૭,૭૬,૬૨૬.૬૨	૧,૭૮,૬૬૪.૧૩	૧૫%	૫,૫૦,૦૦૦	૧૨,૦૩,૪૭૨.૫૦	૧,૧૫,૦૦૦	૨૬,૪૭,૬૭૦.૦૦	"હા"
								-	૨૬,૦૬,૪૪૬.૫૦	૨૫,૪૫૦	૩૦,૭૮,૬૬૬.૦૦	
૨૦૨૩-૨૪	૨૮૨	૫,૪૭,૭૦૦	૧૫,૬૩,૮૮૬.૦૦	૩૬,૦૫,૫૮૩	૧,૦૭,૪૭,૬૦૨.૭૫	૧,૭૬,૬૫૨.૦૬	૧૫%	-	૬૪,૫૮,૪૪૮.૫૦	૪,૪૧,૦૦૦	૫૦,૮૭,૦૦૧.૦૦	"હા"
								૧૬,૬૪,૬૨૧	૩૧,૭૧,૬૩૩.૫૦	૩,૨૩,૬૧૩	૨૬,૫૪,૬૫૮.૫૦	
૨૦૨૪-૨૫	૨૮૦	૫,૪૭,૫૦૦	૧૬,૧૨,૧૩૨.૦૦	૩૬,૨૩,૫૪૮	૧,૦૫,૫૧,૦૬૨.૮૧	૧,૮૦,૩૧૮.૪૮	૧૫%	-	૬૫,૭૩,૧૮૬.૫૦	૫,૭૬,૮૫૮	૬૬,૭૨,૩૪૮.૫૦	"હા"
								૮,૩૦,૦૦૦	૩૨,૫૮,૬૬૦.૦૦	૧૬,૦૬,૬૩૭	૩૩,૪૬,૮૦૦.૦૦	
૨૦૨૫-૨૬	૨૮૩	૫,૨૮,૫૦૦	૧૬,૫૬,૬૪૭.૦૦	૩૬,૨૭,૬૬૧	૧,૧૦,૪૩,૩૦૫.૨૬	૧,૮૦,૮૪૪.૬૩	૧૫%	૩૮,૮૫,૦૦૦	૫૦,૬૭,૦૦૦.૦૦	૨૧,૪૩,૦૩૪	૬૩,૭૭,૩૬૦.૦૦	"હા"
								૧૪,૦૦૦	૨૦,૫૬,૫૫૫.૫૦	૩,૨૫,૬૫૪	૨૬,૦૬,૬૬૪.૦૦	

મંડળીની પ્રવૃત્તિઓ

- મંડળીમાંથી સભાસદોને ખેતી વિષયક કેસીસી પાક ધિરાણ તથા ખેતી વિષયક સભાસદ ટૂંકી મુદત ધિરાણ આપવામાં આવે છે.
- સભાસદને ખેતી વિષયક મધ્યમ મુદત ધિરાણ જેમકે ટ્રેક્ટર, ટ્રેઈલર અને ખેત ઉપયોગી સાધનો વિગેરેનું ધિરાણ આપવામાં આવે છે.
- સભાસદોને બિનખેતી વિષયક મધ્યમ મુદત ધિરાણ જેમકે દ્વિચક્રીય અને ચાર ચક્રીય વાહન તેમજ સોલાર રૂફટોપનું ધિરાણ કરવામાં આવે છે.
- રાસાયણિક ખાતર, સેન્દ્રિય ખાતર, જંતુનાશક દવા, ડાંગર બિયારણ તથા પશુઆહારનું વેચાણ કરવામાં આવે છે.
- મંડળી તેમના સભાસદો તથા ગ્રામજનોને ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાંથી અનાજ, તેલ તેમજ જીવન જરૂરી ચીજવસ્તુઓ ૬૦ દિવસની મુદત સુધી વગર વ્યાજે તેમની જરૂરિયાત મુજબ એડવાન્સની સુવિધા આપવામાં આવે છે.
- મંડળી ખેડૂત સભાસદોને તેમણે પકવેલ ડાંગરના પાકની વ્યવસ્થા નવસારી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ. સાથે મળી કરવામાં આવે છે.
- મંડળીના નવીનીકરણ કરેલ ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ, કઠોળ, સૂકો મેવો, મરી-મસાલા, ખાંડ, ઠંડાપીણા તેમજ સિઝનલ ભરવા લાયક અનાજ, તેલ ગોળ તેમજ અમૂલની ચીજ વસ્તુઓ જેવી કે દહીં, છાસ, પનીર, ચીઝ, બટર, ફલેવર્ડ દૂધ તથા આઈસ્ક્રીમ વિગેરેનું વાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે.
- મંડળી સભાસદોની બચત (સેવિંગ્સ) તથા બાંધી મુદત થાપણ સ્વીકારે છે.
- મંડળી પાસે બે ગોડાઉન મળી કુલ ૧૦૦૦ મેટ્રીક ટન અનાજ રાખવા માટેની વ્યવસ્થા છે.
- મંડળી દ્વારા સારી વ્યવસ્થા ગોઠવાઈ તે માટે ૨૬ જગ્યાએ કેમેરા ગોઠવેલ છે,
- મંડળી સભાસદો તથા આજુબાજુના ગ્રામજનોની ગેસ બિલ ભરવાની સુવિધા હેતુ ગુજરાત ગેસ લિમિટેડનું બિલ કલેક્શન સેન્ટર ધરાવે છે.

મંડળીની વિશિષ્ટ કામગીરી બદલ મળેલ શિલ્ડ તથા પ્રમાણપત્રોની વિગત

- ગુજરાત રાજ્ય સહકારી સંઘ-અમદાવાદ યોજિત સને ૨૦૨૧-૨૦૨૨ના વર્ષમાં સારું કામ કરનાર "સેવા / વિવિધ

કાર્યકારી સહકારી મંડળીઓ'' માટે શિલ્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવા માટેની હરીફાઈ યોજવામાં આવેલ હતી. આ હરીફાઈમાં છીણમ મંડળીએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરતા તા.૧૭/૧૧/૨૦૨૨નાં રોજ વલસાડ જિલ્લા સહકારી સંઘ-વલસાડ દ્વારા છીણમ મંડળીને પ્રભાવક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવેલ હતું. જે છીણમ મંડળી માટે ગૌરવની વાત છે.

- કાંઠા વિભાગ ફ્રેન્ડશીપ ટ્રસ્ટ-નવસારી દ્વારા છીણમ મંડળીને કૃષિ અને ગ્રામ વિકાસ ક્ષેત્રે કરેલી વિશિષ્ટ કામગીરીને બિરદાવી વર્ષ ૨૦૨૨માં ''શ્રેષ્ઠ સહકારી મંડળી એવોર્ડ-૨૦૨૨'' તથા વર્ષ ૨૦૨૫માં ''આદર્શ સહકારી મંડળી એવોર્ડ-૨૦૨૫'' એનાયત કરવામાં આવેલ છે.
- યુનિટી પબ્લિકેશન-સુરત દ્વારા વર્ષ-૨૦૨૩માં જુદા જુદા ક્ષેત્રની વિભૂતી અને સંસ્થાઓને તેમની ઉમદા કામગીરીને લક્ષમાં રાખીને ''૩૦મા ઉજાસ મેગેજિન એવોર્ડ'' સમારંભનુ આયોજન થયેલ જેમાં છીણમ મંડળીની ઉમદા અને વિશિષ્ટ કામગીરીને લક્ષમાં લઈ છીણમ મંડળીને ''ઉજાસ મેગેજિન એવોર્ડ'' એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ છે.
- મંડળી ૧૦૦ વર્ષથી વધુ સમયથી કાર્યરત છે તે બદલ સહકાર ભારતી દ્વારા છીણમ મંડળીનું સન્માન કરતા ''સહકાર ગૌરવ સન્માન-૨૦૨૬'' શિલ્ડ એનાયત કરવામાં આવેલ છે.

આમ શ્રી છીણમ સેવા સહકારી મંડળીની પ્રત્યક્ષ મુલાકાત લેતાં સહકારનાં મૂલ્યો, સિધ્ધાંતો પહેલી નજરે જોઈ શકીએ છીએ. મંડળી લોકો દ્વારા, લોકો વડે, લોકો માટે જ કાર્ય કરતી આવેલ છે.

ઉપસંહાર -

કોઈપણ સંસ્થાની સફળતા નીચેની શરતોને આધીન રહે છે.

૧. સંસ્થાના ઉદ્દેશ પ્રત્યે અત્યંત વફાદારી યુક્ત નિષ્ઠા અને તેની સિધ્ધિ માટે ધગશ.
૨. સંસ્થાના નિયમોનું પાલન જ નહિ પણ તેની પાછળની ભાવનાનું પાલન.
૩. સંસ્થાના સંચાલકે, સભ્યો, સેવકો વગેરે કાર્યકર્તાઓએ ભાતૃભાવ અને એકરાગિતા.

આ ત્રણ શરતોમાંથી એક પણ શરત ન પળાતી હોય તો બધી અનુકૂળતા હોવા છતાં એ સંસ્થા પ્રાણવાન ન બને. (ગાંધીજી)

સાંપ્રત

શાકાહારનો વધતો ટ્રેન્ડઃ માત્ર સ્વાદ નહીં, આરોગ્ય, અહિંસા, કૃષિ અર્થતંત્ર, પર્યાવરણ સાથેનું સંતુલન

આજકાલ વધતા જતા અવનવા રોગો, તણાવપૂર્ણ જીવન અને પર્યાવરણીય કટોકટી વચ્ચે માનવી તેની ખાવાની આદતો માટે પુનર્વિચાર કરવાની જરૂરિયાત અનુભવી રહ્યો છે. જીવનની ગુણવત્તા સુધારવા અને સુખાકારી માટે આહારમાં ફેરફાર કરવાની માગણીઓ વિશ્વના ઘણો ભાગોમાં ઊઠી રહી છે. શાકાહાર ફક્ત ખાવાની રીત તરીકે જ નહીં, પરંતુ કરુણા, અહિંસા, આરોગ્ય, પર્યાવરણીય સંરક્ષણ અને સંતુલિત જીવનના વ્યાપક દર્શન તરીકે ઉભરી રહ્યો છે. ૧ ઓક્ટોબરે, ૨૦૨૬ના રોજ વિશ્વ શાકાહારી દિવસ હતો. શાકાહારને માત્ર સાંકડી ધાર્મિક અથવા આહાર ઓળખ સુધી મર્યાદિત નહીં, પણ એક સ્વસ્થ અને સંતુલિત જીવનશૈલી તરીકે સમજવાની જરૂર છે. ખોરાક શરીરને જ નહીં, વ્યક્તિના વિચાર-વર્તનને પણ અસર કરે છે. જેવો ખોરાક એવું વલણ અને જેવું વલણ એવું જીવન હોય છે - આ ભારતીય દૃષ્ટિકોણથી, શાકાહાર શરીર અને મન બંને માટે સંતુલનનું સાધન પૂરું પાડી શકે છે. ફળો, શાકભાજી, કઠોળ, અનાજ, સૂકોમેવો, બીજ અને અન્ય વનસ્પતિ આધારિત ખોરાક, જ્યારે યોગ્ય માત્રામાં ખાવામાં આવે છે, ત્યારે તે સ્વસ્થ આહારનો મહત્વપૂર્ણ ભાગ બની શકે છે.

વાસ્તવમાં ખોરાકનો હેતુ ફક્ત જીભને સંતોષવાનો જ નહીં, પણ શરીરનું સ્વાસ્થ્ય અને સંતુલિત જીવન જાળવવાનો પણ હોવો જોઈએ. આજે જ્યારે સ્વાદ અને બીજીસંસ્કૃતિ આપણી ખાવાની આદતોને વધુને વધુ પ્રભાવિત કરી રહી છે, ત્યારે શાકાહાર આપણને સંયમ, સરળતા અને સમજદારી તરફ પાછા ફરવાની તક આપે છે. આપણી થાળી ફક્ત પસંદગીનો વિષય નથી, પરંતુ આપણા સ્વાસ્થ્ય, પ્રકૃતિ અને કરુણા સાથે પણ જોડાયેલી છે. એટલે કે, શાકાહાર માત્ર સ્વાસ્થ્ય સાથે જ નહીં, પણ કરુણા અને અહિંસા સાથે પણ સંબંધિત છે.

વિશ્વના ઘણા દેશોમાં વનસ્પતિ આધારિત આહારમાં રસ વધ્યો છે. માંસ ખાવાને આધુનિકતા અને સમૃદ્ધિનું પ્રતીક માનનારા સમુદાયો હવે સ્વાસ્થ્ય, પર્યાવરણ અને પ્રાણી કલ્યાણના મુદ્દાઓ પર પુનર્વિચાર

કરી રહ્યા છે. શાકાહાર આપણી કૃષિ સંસ્કૃતિ, આધ્યાત્મિક પરંપરા અને અહિંસાના દર્શનમાં ઊંડાં મૂળ ધરાવે છે. આજના યુવાવર્ગમાં આધુનિકતા, દેખાદેખી અને ફેશનના નામે પશ્ચિમી ખોરાક સંસ્કૃત્તિ, જંક ફૂડ અને માંસાહાર તરફનું આકર્ષણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. સોશિયલ મીડિયા, 'ટ્રેન્ડ'માં રહેવાની ઘેલછા અને મિત્રવર્તુળમાં અલગ તરી આવવાની ઇચ્છાને કારણે પરંપરાગત અને પૌષ્ટિક આહાર પાછળ છૂટી રહ્યો છે. આ બદલાતી જીવનશૈલી સામાજિક, નૈતિક અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ અત્યંત ચિંતાજનક છે.

ખાનપાનની બદલાતી માનસિકતા દેખાદેખી અને ફેશનના નામે ઘણાં યુવાનોમાં ખાનપાનની માનસિકતા બદલાતી જઇ રહી છે.

ટ્રેન્ડ અને સોશિયલ મીડિયા :

સોશિયલ મીડિયા પર કાફે, રેસ્ટોરન્ટ અને 'ફૂડ વ્લોગિંગ'ના પ્રભાવ હેઠળ યુવાનો નવો ખોરાક ટ્રાય કરવાને સ્ટેટસ સિમ્બોલ ગણે છે.

પીઅર પ્રેસર (મિત્રોનો પ્રભાવ) :

ગ્રૂપમાં અલગ ન પડી જવાય અથવા ''બેકવર્ડ'' ન ગણાઈએ તે માટે ઘણા યુવાનો અનિચ્છાએ પણ માંસાહાર કે પ્રોસેસ્ડ અલ્ટ્રા-ફાસ્ટ ફૂડ તરફ વળે છે.

પરંપરાગત આહાર પ્રત્યે ઉદાસીનતા:

ઘરે બનેલો સાદો, તાજો અને પૌષ્ટિક આહાર આજે ઘણા યુવાનોને 'બોરિંગ' કે જૂના જમાનાનો લાગે છે. માંસાહાર અને અતિ-પ્રોસેસ્ડ આહારનાં જોખમો ''નિયમિત રીતે બહારનો માંસાહારી ખોરાક, ફાસ્ટ ફૂડ અને તેલી/ ચટાકેદાર પદાર્થોનું સેવન કરવાથી યુવા વયે જ ગંભીર શારીરિક સમસ્યાઓ ઊભી થાય છે:

હૃદયરોગ અને હાઈ કોલેસ્ટ્રોલ:

બહાર મળતા માંસાહારી આહારમાં સેચ્યુરેટેડ ફેટ અને ટ્રાન્સ ફેટનુંપ્રમાણ ખૂબ. વધારે હોય છે, જે લોહીમાં ધમનીઓને બ્લોક કરે છે અને નાની ઉંમરે હાર્ટ અટેક કે હાઈ બ્લડ પ્રેશરનું જોખમ વધારે છે.

પાચનતંત્રની ગંભીર સમસ્યાઓ:

માંસાહારને પચવામાં વધુ સમય લાગે છે. તદુપરાંત તેમાં ફાઈબર (રેસા) હોતા નથી, જેનાથી કબજિયાત, એસિડિટી અને આંતરડાના રોગો થાય છે.

મેદસ્વિતા અને ડાયાબિટીસ:

હાઈ કેલરીવાળો ખોરાક અને માંસાહારી ફાસ્ટ ફૂડ વજન ઝડપથી વધારે છે, જેના કારણે યુવાનોમાં ટાઈપ-૨ ડાયાબિટીસનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે.

કેન્સરનું જોખમઃ

પ્રોસેસ્ડ મીટ અને અતિશય ઊંચા તાપમાને તળેલા આહારમાં એવા (કાર્સિનોજેનિક કેન્સરકારક) તત્વો ઉત્પન્ન થાય છે, જે આંતરડા અને પેટના કેન્સરનું જોખમ સીધું વધારે છે.

ચેપ અને એન્ટિબાયોટિક રેસિસ્ટન્સઃ

પોલ્ટ્રી અને મીટ ઉદ્યોગમાં પશુ-પક્ષીઓને ઝડપી વિકાસ માટે એન્ટીબાયોટિક્સ અને હોર્મોન્સ આપવામાં આવે છે, જે ખોરાક દ્વારા મનુષ્યના શરીરમાં જઈ રોગપ્રતિકારક શક્તિ ઘટાડે છે.

આહારની સામાજિક - નૈતિક અસરો

માનસિક તણાવ અને ગુસ્સોઃ

આયુર્વેદ મુજબ આહારની અસર મન પર પડે છે (“જેવું અન્ન એવું મન”). તામસિક અને અતિ-મસાલેદાર ખોરાક યુવાનોમાં અશાંતિ, ગુસ્સો અને ચિંતા (Anxiety) વધારી શકે છે.

સંસ્કાર અને મૂલ્યોનું ધોવાણઃ

ફેશનના નામે પોતાની પરંપરાગત શાકાહારી અને સાત્વિક આહાર પદ્ધતિ છોડી દેવી એ વૈચારિક ગુલામી દર્શાવે છે. આધુનિક બનવું કે સભ્ય બનવું એ ખોરાકના ટ્રેન્ડ બદલવાથી નથી થતું.

યુવાનોએ સમજવું જરૂરી છે કે સાત્વિક અને તાજો આહાર એટલે શુ ?

ભારતીય શાકાહારી ભોજનમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન અને મિનરલનું યોગ્ય સંતુલન હોય છે.

સ્વાસ્થ્ય એ જ ખરી ફેશનઃ

મિત્રો કે સોશિયલ મીડિયાના પ્રભાવમાં આવ્યા વિના પોતાના શરીર માટે શું યોગ્ય છે તેની જાગૃતિ કેળવવી જોઈએ.

ઘરના ખોરાકનું મહત્વઃ

બહારના અસ્વચ્છ અને હાનિકારક પદાર્થોથી બચીને ઘરે બનેલા ખોરાકને પ્રાધાન્ય આપવું એજ દીર્ઘાયુ અને નિરોગી જીવનની ચાવી છે.

રોગમુક્ત જીવનઃ

શાકાહારી આહારમાં ફાઈબરનું પ્રમાણ વધુ અને સેચ્યુરેટેડ ફેટનું પ્રમાણ ઓછું હોવાથી હૃદયરોગ, મેદસ્વિતા, ડાયાબિટીસ અને પાચનતંત્રના રોગોનું જોખમ નોંધપાત્ર રીતે ઘટે છે. શાકાહારી આહાર દેશના કૃષિ આધારિત અર્થતંત્ર માટે પણ પ્રોત્સાહક બળ છે.

ખેડૂતોની આવકમાં વધારોઃ

શાકાહારી ખોરાકની માંગ વધવાથી વિવિધ પ્રકારના અનાજ, શાકભાજી, ફળો અને કઠોળની માંગ બજારમાં સતત રહે છે. જેથી ખેડૂતોને પાકના યોગ્ય ભાવ મળે છે અને ગ્રામીણ અર્થતંત્ર મજબૂત બને છે.

પાક વૈવિધ્યકરણ :

શાકાહારી આહારની વિવિધતાને કારણે ખેડૂતો માત્ર એક-બે પાક પર નિર્ભર રહેવાને બદલે શાકભાજી, મસાલા અને ફળો જેવા રોકડિયા પાકો તરફ વળી ખેતીને વધુ નફાકારક બનાવે છે.

પશુપાલન અને ડેરી ઉદ્યોગને વેગ:

શાકાહારી જીવનશૈલીમાં દૂધ અને તેની બનાવટોનું મહત્વ વધારે છે. આનાથી પશુપાલન અને ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન મળે છે, જે નાના ખેડૂતો માટે પૂરક આવકનો મુખ્ય સ્રોત છે.

કૃષિ આધારિત ઉધોગોનો વિકાસ:

શાકાહારી આહારથી ફૂડ પ્રોસેસિંગ, પેકેજિંગ, કોલ્ડ સ્ટોરેજ અને ટ્રાન્સપોર્ટેશન જેવા ક્ષેત્રોમાં વ્યાપક રોકાણ અને રોજગારીની નવી તકો ઊભી થાય છે.

પર્યાવરણીય અને આર્થિક ટકાઉપણું જમીન અને જળ સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ:

માંસાહારી ઉત્પાદનોની સરખામણીએ શાકાહારી આહાર જેમ કે અનાજ અને શાકભાજી) ઉત્પન્ન કરવા માટે ખૂબ જ ઓછી જમીન અને પાણીની જરૂર પડે છે.

ઊર્જાની બચત:

પશુપાલન આધારિત માંસ ઉત્પાદનમાં ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન વધુ થાય છે, જ્યારે ખેતી આધારિત શાકાહારી આહાર પર્યાવરણને અનુકૂળ અને ઓછો ખર્ચાળ છે. આમ, શાકાહાર એ માત્ર વ્યક્તિગત સ્વાસ્થ્યની સુરક્ષા નથી, પરંતુ તે દેશના ગ્રામીણ વિકાસ, ખેડૂતોની સમૃદ્ધિ અને સસ્ટેનેબલ કૃષિ અને અર્થતંત્રનો મજબૂત આધારસ્તંભ પણ છે.

(નવગુજરાત સમય તા.૩ ઓક્ટોબર, ૨૦૨૬માંથી સાભાર)

આજના યુવાવર્ગમાં આધુનિકતા, દેખાદેખી અને ફેશનના નામે પશ્ચિમી ખોરાક સંસ્કૃતિ, જંક ફૂડ અને માંસાહાર તરફનું આકર્ષણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. સોશિયલ મીડિયા, "ટ્રેન્ડ"માં રહેવાની ઘેલછા અને મિત્રવર્તુળમાં અલગતરી આવવાની ઈચ્છાને કારણે પરંપરાગત અને પૌષ્ટિક આહાર પાછળ છૂટી રહ્યો છે

યોગદર્શન

યોગ એટલે સ્વ સ્વરૂપ અને સર્જનહારના સાક્ષાત્કારની અનુભૂતિ

યોગદર્શન લેખમાળામાં આપણે અષ્ટાંગયોગના આઠ સોપાન યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ અંગે વિચારણા કરી. હવેના લેખમાં 'પતંજલિ યોગદર્શન'ના ચાર પાદ અને તેમાં સમાવાયેલ સૂત્રોમાંના મુખ્ય મુખ્ય સૂત્રોની વિચારણા કરીશું. પાદ એટલે અધ્યાય, ખંડ કે વિભાગ. ભારતીય વૈદિકકાળથી લઈને વિવિધ દર્શનશાસ્ત્રના ગ્રંથોમાં પડેલી છૂટીછવાયેલી યોગ અંગેની વિગતોને મહર્ષિ પતંજલિએ સંકલિત કરીને યોગદર્શનનો ''યોગસૂત્ર' ગ્રંથ આપ્યો.માત્ર ચાર જ વિભાગમાં ૧૯૫ સૂત્રોમાં યોગની સઘળી વિગતોનો સમાવેશ થઈ જાય છે.

યોગસૂત્રમાં મહર્ષિ પતંજલિએ પહેલાં જ સમાધિપાદમાં યોગ અને સમાધિની સમજ આપી છે. યોગસૂત્રમાં પતંજલિ મુનિએ સમાધિપાદમાં સમાધિનાં સ્વરૂપ, વૃત્તિના પ્રકાર, વૈરાગ્ય, ઈશ્વર, જપ અને ઋતંભરાપ્રજ્ઞાની વાત કરી છે. સમાધિ અંગેની સમજ બીજા પાદમાં પણ અપાઈ છે. સમાધિ સુધી પહોંચવાની સાધના, સાધનોના સોપાનની સમજ સાધનપાદના ૨૯મા સૂત્રથી પ્રારંભાય છે. સમાધિ સુધી પહોંચવા માટેના સાધન, યોગનાં સાધન, ક્રિયાયોગ, કલેશ, દુઃખની વેદના, યોગનાં આઠ અંગનું વર્ણન સાધનપાદમાં કર્યું છે. અષ્ટાંગયોગના આઠ પગથિયાંમાં પ્રથમ પાંચ બહિરંગ અને ત્રણ અંતરંગ પગથિયાં છે. પાંચ બહિરંગ સોપાનની વાત સાધનપાદમાં કરી છે. બાકીના ત્રણ અંતરંગ સોપાનની વાત વિભૂતિપાદમાં કરી છે. વિભૂતિ એટલે સિદ્ધિ. સાધનાની એક એક શ્રેણી સર કરતા કરતા સાધકને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સાધનાના પરિણામ સ્વરૂપે સાધકને સિદ્ધિઓ સાંપડવા લાગે છે, વિભૂતિઓ મળવા માંડે છે. યોગના અભ્યાસ, સાધના દ્વારા સાધકને પ્રાપ્ત થતી સિધ્ધિ, ઐશ્વર્યનું નિરૂપણ વિભૂતિપાદમાં કર્યું છે. ચોથા કૈવલ્યપાદનો મુખ્ય વિષય તો છે મોક્ષ, મુક્તિ અને કૈવલ્ય. પણ કૈવલ્યપાદના પ્રારંભના સૂત્રોમાં વિભૂતિઓનું વર્ણન આપ્યા બાદ યોગ અભ્યાસના અંતિમ લક્ષ્ય મોક્ષ, મુક્તિ, કૈવલ્ય અંગેની વાત કરવામાં આવી છે.

કિરણ ચાંપાનેરી (યોગ સાધક)
૧૦૪/૧૮૪૨ કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ - ૪૬
મો. ૯૬૬૨૮૩૩૨૬૮

યોગસૂત્ર ગ્રંથ અંગે આટલી ભૂમિકા બાંધ્યા પછી હવે પ્રથમ સમાધિપાદમાં પ્રવેશ કરીએ...અથ યોગાનુશાસનમ્ - અર્થાત્ - હવે યોગનું શિક્ષણ આપનાર શાસ્ત્રનો પ્રારંભ કરવામાં આવે છે. યોગ એટલે પોતાના મૂળ સ્વરૂપની અનુભૂતિ. યોગ એટલે પરમતત્ત્વનો સાક્ષાત્કાર. આ અનુભૂતિ, સાક્ષાત્કાર કે પરમાત્મસ્વરૂપના દર્શન માટે સતત નિયમિત અને ઉત્સાહપૂર્વકની સાધના જરૂરી છે. એ સાધના અનુભવી સંત યોગીપુરુષના માર્ગદર્શનમાં કરવામાં આવે તો સાધક પોતાના શુધ્ધ અને મુક્ત સ્વરૂપનો અનુભવ કરી શકે છે. ટૂંકમાં સમજવું હોય તો યોગ એટલે પોતાના મૂળ સ્વરૂપની અનુભૂતિ કે પરમશક્તિ કે સર્જનહાર સાથે સાક્ષાત્કાર.

યોગ એટલે એકાગ્રતા યોગ એટલે સમાધિ. એકાગ્રતા એ મનની અવસ્થા છે. મન એટલે ચિત્ત કે અંતઃકરણ.મનની એકાગ્રતા માટે ચિત્ત શાંત, નિર્મળ અને સ્વચ્છ હોવું જોઈએ. મન-ચિત્ત વિચારવમળોથી મુક્ત હોવું જરૂરી છે. મહર્ષિ પતંજલિએ આ વાતને નાનકડા સૂત્ર યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ માં સમાવી અને સમજાવી છે. યોગ એટલે ચિત્તની વૃત્તિનો નિરોધ. મનમાં ઊઠતા વિચાર તરંગોને વૃત્તિ કહે છે. નિરોધ એટલે રોકવું કે અટકાવવું. ચિત્તને અનેકવિધ તરંગો ધારણ કરતા રોકવું કે અટકાવવું એને યોગ કહે છે. આપણું મન-ચિત્ત માંકડા જેવું છે. માંકડુ ઝાડની એક ડાળથી બીજી ડાળ, એક જગ્યાથી બીજી જગ્યાએ કૂદકા માર્યા કરે છે. તેવી જ રીતે મનચિત્ત વિચાર તરંગો પર કૂદતું ફરે છે. જોકે, મનનું કામ જ વિચારવાનું છે. ચોવીસ કલાકમાં ૬૦,૦૦૦થી વધુ વિચારો મનમાં આવે છે. જુદાં જુદાં અભ્યાસ દ્વારા ધીમે ધીમે મનમાં આવતાં વિચાર પ્રવાહને રોકી શકાય છે. અને જ્યારે મન વિચારશૂન્ય અવસ્થાએ પહોંચે છે જે સમાધિ સ્થિતિ છે.

ચિત્ત સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણ દ્રવ્યોનું બનેલું છે. ચિત્તની રચનામાં સત્ત્વગુણ મુખ્ય છે. છતાંય તેમાં રજોગુણ અને તમોગુણ થોડા પ્રમાણમાં રહે છે. આ સત્ત્વ, રજસ્ અને તમસ દ્રવ્યોમાંથી એક દ્રવ્યનો વધારો-પ્રધાનતા અને બાકીના બે દ્રવ્યોનો ઘટાડો-ગૌણ બનતા ચિત્ત-મનની ક્ષિપ્તાવસ્થા, મૂઢાવસ્થા અને વિક્ષિપ્તાવસ્થા આ ત્રણ અવસ્થાઓ ઉપજાવે છે. આને સરળ રીતે સમજીએ. જ્યારે ચિત્તમાં રજોગુણ અને તમોગુણનો પ્રભાવ હોય ત્યારે ચિત્ત ક્ષિપ્ત અવાસ્થામાં હોય છે. ક્ષિપ્તાવસ્થાવાળી વ્યક્તિનાં મનમાં વિવિધ પ્રકારના વિકારભાવો પેદા થાય છે. લોભ, મોહ, કપટ જેવાં ભાવો પેદા થાય છે. ચિત્તમાં તમોગુણનો પ્રભાવ વધે ત્યારે માણસનું મન હિન પ્રવૃત્તિ, અધર્મ તરફ વળે છે. આ મૂઢ અવસ્થામાં

માણસને અધર્મ, અજ્ઞાન ખૂબ ગમે છે. જ્યારે તમોગુણ દબાઈ જાય અને રજોગુણ થોડો પ્રભાવશાળી બનતા ચિત્ત વિક્ષિપ્તાવસ્થામાં આવે છે. વિક્ષિપ્તાવસ્થામાં માણસને ધર્મ,જ્ઞાન અને વૈરાગ્યમાં વધારે રૂચિ થાય છે. જ્યારે ચિત્તમાં સત્ત્વગુણનો પ્રભાવ પ્રબળ બને અને રજોગુણ, તમોગુણ દબાઈ જાય ત્યારે ચિત્ત એકાગ્રાવસ્થામાં આવે છે. આ અવસ્થાને ધર્મમેઘ સમાધિ કહે છે. મહર્ષિ પતંજલિ પ્રથમ સમાધિપાદમાં સમાધિની અને તેની જુદી જુદી અવસ્થાઓની સમજ આપે છે. સમ્પ્રજ્ઞાત સમાધિ, અસમ્પ્રજ્ઞાત સમાધિ, ધર્મમેઘ સમાધિ અવસ્થાની સમજ સમાધિપાદના બીજા સૂત્રમાં આપી છે. સમ્પ્રજ્ઞાત સમાધિમાં ચિત્ત એક જ વિચાર પર સ્થિર રહેતાં પદાર્થના યથાર્થ સ્વરૂપનો પ્રકાશ પ્રાપ્ત થાય છે. અસમ્પ્રજ્ઞાત સમાધિમાં ચિત્તની બધી જ વૃત્તિઓ અટકે છે, નિરોધ થાય છે.

મનની એકાગ્રતા એટલે સમાધિ. સ્વદર્શન, આત્મદર્શનની અનુભૂતિ કરતાં કરતાં પરમાત્માના દર્શન કરવા. પરમતત્વમાં એકાકાર થઈ જવું. આત્માનું પરમાત્મા સાથે એકરૂપ થઈ જવું એટલે યોગ. જીવનું શિવ સાથે જોડાઈ જવું એટલે યોગ. અને આ યોગ એ જ સમાધિ ! સમાધિ ઉત્તમ સુખમય અને જીવનને સફળ કરનારી અવસ્થા છે. જે સાધકને સમાધિ અવસ્થાની અનુભૂતિ થઈ જાય પછી તેની દશા સાવ બદલાય જાય છે... સમાધિસ્થ સાધકમાં કેવો બદલાવ આવે છે? તે સમાધિ પ્રાપ્ત સાધકની અવસ્થા અંગે હવે પછી વિચારણા કરીશું...ઓમ

સાધનાની એક એક શ્રેણી સર કરતા કરતા સાધકને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સાધનાના પરિણામ સ્વરૂપે સાધકને સિદ્ધિઓ સાંપડવા લાગે છે, વિભૂતિઓ મળવા માંડે છે. યોગના અભ્યાસ, સાધના દ્વારા સાધકને પ્રાપ્ત થતી સિધ્ધિ, ઐશ્વર્યનું નિરૂપણ વિભૂતિપાદમાં કર્યું છે. ચોથા કૈવલ્યપાદનો મુખ્ય વિષય તો છે મોક્ષ, મુક્તિ અને કૈવલ્ય. પણ કૈવલ્યપાદના પ્રારંભના સૂત્રોમાં વિભૂતિઓનું વર્ણન આપ્યા બાદ યોગ અભ્યાસના અંતિમ લક્ષ્ય મોક્ષ, મુક્તિ, કૈવલ્ય અંગેની વાત કરવામાં આવી છે.

'સહકાર' પાક્ષિક અને 'ગ્રામસ્વરાજ' માસિકના જાહેરાતના દર

તા. ૧-૧૦-૨૦૨૪ થી

સહકાર પાક્ષિક	એકવાર	ત્રિમાસિક	છ માસિક	વાર્ષિક
૧. આખું પાન	૬,૦૦૦/–	૩૦,૦૦૦/–	૬૦,૦૦૦/–	૧,૦૦,૦૦૦/–
૨. અડધું પાન	૪,૦૦૦/–	૨૦,૦૦૦/–	૪૦,૦૦૦/–	૯૦,૦૦૦/–
૩. પા પાના	૩,૦૦૦/–	૧૫,૦૦૦/–	૩૦,૦૦૦/–	૬૫,૦૦૦/–
૪. શુભેચ્છા	૨,૦૦૦/–	૧૦,૦૦૦/–	૧૮,૦૦૦/–	૪૦,૦૦૦/–

સહકાર પાક્ષિકમાં જાહેરાતના છુટક ભાવ : એક કોલમ સે.મી. રૂા. ૧૨૫/–

'સહકાર' વિશેષાંક : ૨૦૨૫ થી

૧.	ટાઈટલ પાન – ૪	૪૦,૦૦૦/–
૨.	ટાઈટલ પાન – ૨ / ૩	૨૫,૦૦૦/–
૩.	આર્ટ પેપર ફોર કલર	૧૫,૦૦૦/–
૪.	અંદરનું આખું પાન	૭,૫૦૦/–
૫.	અંદરનું અડધું પાન	૫,૦૦૦/–
૬.	અંદરનું પા પાન	૩,૦૦૦/–

જાહેરાતોમાં બેંકોના સરવૈયાં - બેલેન્સશીટ્સનો દર પાના દીઠ રૂા. ૧૦,૦૦૦/–

'ગ્રામસ્વરાજ' માસિક	એકવાર	વાર્ષિક
૧. ટાઈટલ પાન – ૪	૫,૦૦૦/–	૫૦,૦૦૦/–
૨. ટાઈટલ પાન – ૨ / ૩	૪,૦૦૦/–	૪૦,૦૦૦/–
૩. અંદરનું આખું પાન	૩,૦૦૦/–	૩૦,૦૦૦/–
૪. અંદરનું અડધું પાન	૨,૦૦૦/–	૨૦,૦૦૦/–
૫. પા પાન	૧,૦૦૦/–	૧૦,૦૦૦/–
૬. શુભેચ્છા	૫૦૦/–	૫,૦૦૦/–

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad Unaccountable L1 on tenth of every month under postal Regd. No. GAMC 38/2024-26 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-26 valid upto 31-12-2026 (Published on : 10-11-2026)

સહકારિતા, સદ્‌ભાવના અને વિશ્વશાંતિનું પ્રકાશમય પર્વ દીપાવલી

तमसो मा ज्योतिर्गमय ।
असतो मा सद्‌गमय ।
मृत्योर्मा अमृतं गमय ।। — બૃહદારણ્યક ઉપનિષદ

અર્થ: હે પ્રભુ! અમને અંધકારમાંથી પ્રકાશ તરફ, અસત્યમાંથી સત્ય તરફ અને મૃત્યુમાંથી અમરત્વ તરફ લઈ જાઓ. આ શ્લોક ખૂબ જ વધુ અર્થસભર છે. આ શ્લોકમાં દિવાળીના સમગ્ર તત્વજ્ઞાનનો સાર સમાયેલો છે-અંધકારમાંથી પ્રકાશ તરફની જીવનયાત્રા છે. ભારતીય સંસ્કૃતિમાં દિવાળીનું પર્વ માત્ર દીવાઓ પ્રગટાવવાનો ઉત્સવ નથી, પરંતુ જીવનને પ્રકાશમય બનાવવાનો આધ્યાત્મિક સંદેશ છે. આ પર્વ અંધકાર પર પ્રકાશનો, અસત્ય પર સત્યનો અને અધર્મ પર ધર્મના વિજયનું પ્રતીક છે. ભગવાન શ્રીરામ ચૌદ વર્ષના વનવાસ બાદ અયોધ્યા પરત ફર્યા ત્યારે નગરજનોએ દીપ પ્રગટાવીને તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગની સ્મૃતિમાં દીપોત્સવીનું પર્વ ઊજવવામાં આવે છે.

દિવાળીનો પર્વ માત્ર દીપ પ્રગટાવવાનો ઉત્સવ નથી, પરંતુ માનવજીવનમાં પ્રેમ, કરુણા, સહઅસ્તિત્વ અને વિશ્વબંધુત્વનો પ્રકાશ પાથરવાનો મહાન અવસર છે. અંધકાર પર પ્રકાશનો અને અધર્મ પર ધર્મના વિજયનું પ્રતીક આ પર્વ આપણને વ્યક્તિગત જીવનની સાથે સામાજિક જીવનને પણ ઉજ્જવળ બનાવવાની પ્રેરણા આપે છે.

દીપાવલીનો સાચો સંદેશ સહકારિતાના મૂળભૂત મૂલ્યો સાથે ગાઢ રીતે જોડાયેલો છે. સહકારિતા એટલે પરસ્પર સહયોગ, વિશ્વાસ, સમાનતા, સહભાગિતા અને સામૂહિક પ્રગતિ. જેમ એક દીવામાંથી અનેક દીવા પ્રગટે છે અને મૂળ દીવાનું તેજ ઓછું થતું નથી, તેમ સહકારથી એક વ્યક્તિની શક્તિ અનેકગણી બની સમગ્ર સમાજના વિકાસનો માર્ગ મોકળો કરે છે. સહકારની ભાવના વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર વચ્ચે વિશ્વાસ તથા એકતાનું મજબૂત બંધન સ્થાપિત કરે છે.

આજના વૈશ્વિક પરિવેશમાં યુદ્ધ, હિંસા, આતંકવાદ, આર્થિક અસમાનતા અને પરસ્પર અવિશ્વાસ જેવી સમસ્યાઓ વચ્ચે વિશ્વશાંતિની સ્થાપના અત્યંત આવશ્યક બની છે. શાંતિ માત્ર યુદ્ધનો અભાવ નથી, પરંતુ ન્યાય, સમાનતા, સહિષ્ણુતા અને પરસ્પર સન્માનથી સમૃદ્ધ સમાજની રચના છે. સહકારિતા આ દિશામાં એક સશક્ત માધ્યમ બની શકે છે. ચાલો, આ દિવાળીએ માત્ર ઘરમાં દીવા નહીં, પરંતુ માનવહૃદયમાં સહકાર, સદભાવના અને વિશ્વશાંતિના દીપ પ્રગટાવીએ. કારણ કે સહકારનો પ્રકાશ જ્યાં પહોંચે છે, ત્યાં વિભાજનનો અંધકાર ટકી શકતો નથી અને જ્યાં માનવતા પ્રકાશિત થાય છે, ત્યાં વિશ્વશાંતિનો માર્ગ આપોઆપ પ્રશસ્ત બને છે.

— ડૉ. કિશોર સાધુ

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi
Owner : Gujarat State Co-operative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380 001
Published From : Gujarat State Co-operative Unino, 'SAHYOG', Relief Road, Ahmedbad-380 001
Printed at : Reliable Art Preintery (Ahmedabad) Pvt. Ltd., 301, 3rd Floor, Punit Plaza, B/h. Navgujarat College, Off. Ashram Road, Ahmedabad-380014. Gujarat